البلاغ

AL-BALAG MONTHLY

## જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસરનું મુખપત્ર





અલ-બલાગ

# અલ-બલાગ

## માસિક

### જાન્યુઆરી - ૨૦૧૯

માનદ તંત્રી

**અહમદ યાકૂબ પટેલ**

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

કોઈ પણ માણસે અલ્લાહ સિવાય બીજા કોઈથી આશા રાખવી નહીં. પોતાના ગુનાહો સિવાય કોઈનાથી ડરવું નહીં. કોઈ વાત આવડતી ન હોય તો શીખવા કે જાણવામાં શરમ રાખવી નહીં. અને પોતાની જાણ બહારની વાત પૂછવામાં આવે તો કહી દયો કે હું જાણતો નથી.

**અનુક્રમણિકા**


| | |
|---|---|
| તંત્રી લેખ | ૩ |
| મઆરિફુલ હદીસ | ૪ |
| હઝ. ઈસા અલૈ. વિશે મુબાહલહ | ૯ |
| બુઝુર્ગોનો ઈખ્તેલાફ અને .. | ૧૩ |
| ૨૬ જાન્યુઆરી, પ્રજાસત્તાક દિન | ૧૮ |
| તસવ્વુફ એટલે શું ? | ૨૧ |
| ઈસ્લામનો અર્થ અને કાર્યવર્તૂળ | ૨૭ |
| ભારતમાં ભ્રષ્ટાચાર | ૨૯ |
| મવ. ઈસ્માઈલ ભાઈજી રહ. | ૩૧ |
| ફતાવા વિભાગ | ૩૩ |
| બોધકથા | ૩૫ |
| Sunnat and Bid'aat | ૩૬ |
| છેલ્લા પાને | ૩૬ |



**અલ બલાગ**

માસિક

માનદ તંત્રી :

**મુફતી અહમદ દેવલ્વી**

જાન્યુઆરી – ૨૦૧૯ ઈ.
રબી. આખર – ૧૪૪૦ હિ.
વર્ષ – ૧૭, અંક – ૧૧
વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦–૦૦
છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

https://www.jamiahjambusar.in/Al__Balag.php

# અબૂ જઅફર મુહમ્મદ બિન જરીર તબરી રહ.

મહાન મુસ્લિમ વિદ્વાન અને આલિમ હતા. તફસીર, હદીસ, તજવીદ, ફિકહ વગેરે ઈસ્લામી વિદ્યાઓ ઉપરાંત ભાષા, સાહિત્ય, શાયરી, તબીબી વિદ્યાઓમાં કાબેલ હતા.

૨૨૪ હિ. / ૮૩૯ ઈ.માં તબરિસ્તાન, વર્તમાન ઈરાનના માઝન્દાન પ્રદેશના એક ગામ અમોલ કે અમુલમાં પેદા થયા. આ પ્રદેશ એ વેળા તબરિસ્તાન કહેવાતો હતો એટલે આપ રહ. 'તબરી' કહેવાયા. ૭ વરસની ઉમરે કુરઆન શરીફ હિફજ યાદ કરી લીધું. બીજી પ્રાથમિક તાલીમ ઘરમાં જ મેળવી. ૯ વરસની ઉમરે હદીસ શરીફની તાલીમ શરૂ ફરમાવી. ૧૬ વરસની ઉમરે હઝરત ઈમામ અહમદ બિન હંબલ રહ.ને મળવા બગદાદની સફરે ગયા. અત્યાર સુધી એમનો બધો ખર્ચ એમના વાલિદ જ પૂરો કરતા હતા. વફાત વેળા એમના વાલિદ સાહેબ એક જમીન એમના માટે છોડી ગયા જેનાથી એમનો ખર્ચ નીકળતો રહયો.

પ્રાથમિક તાલીમ પછી અન્ય વિદ્યાઓ મેળવવા કૂફા, બગદાદ અને મિસરની સફરો કરી. ઈતિહાસ, સાહિત્ય, તફસીર, અરબી ભાષા, શાયરી, ગણિત અને તબીબી વિદ્યાઓમાં કાબેલિયત પ્રાપ્ત કરી. અને દરેક વિષયે પુસ્તકો પણ લખ્યાં. આમ છતાં એક આધારભૂત ઈતિહાસકાર અને કુરઆનના તફસીર કર્તા તરીકે એમની ઓળખ વધારે મશહૂર થઈ.

જામિઉલ બયાન નામી તફસીરની કિતાબ તફસીરે તબરી નામે ઓળખાય છે. અને તારીખુર્રુસૂલ વ લ મુલૂક નામે કિતાબ તારીખે તબરી નામે મશહૂર છે. ૭ દળદાર ભાગોમાં એનો ઉર્દૂ અનુવાદ પણ હવે છપાય ગયો છે. પાછલા ઝમાનાના અંબિયાએ કિરામથી લઈને અબ્બાસી દોરના ખલીફાઓ સુધીનો ઈતિહાસ એમાં લખવામાં આવ્યો છે.

ફિકહમાં આપ રહ. શાફેઈ મસ્લકને અનુસરતા હતા. અમુક લોકો એમને શિયાપંથી લખે છે, જે ખોટું છે, આ જ નામ (મુહમ્મદ બિન જરીર)નામના એક માણસ શિયાપંથી હતો, એનાથી અુમક લોકોને ગેરસમજ થઈ છે.

૩૧૦ હિ. / ૯૨૩ ઈ.માં એમની વફાત થઈ. ઈતિહાસકારો લખે છે કે એટલા બધા લોકોએ આપની જનાઝહની નમાઝ પઢી કે એમની સાચી સંખ્યા અલ્લાહ તઆલાને જ ખબર હોય શકે છે. વફાત પછી મહીનાઓ સુધી લોકો આવીને કબર ઉપર નમાઝ પઢતા રહયા.

## તંત્રી સ્થાનેથી ......

ભાઈચારા–બંધુત્વ વિના ઉમ્મતની પ્રગતિ શકય નથી. મુસલમાનોમાં અંદરો અંદર વિરોધાભાસ વધી રહયો છે. પરંતુ વિરોધાભાસોને શત્રુતા અને અલગતા સુધી પહોંચવા દેવા જોઈએ નહીં. એક બીજાને સહન કરવાની ભાવના, હિંમત કેળવવાની જરૂરત છે. ઈસ્લામના શત્રુઓ વિવિધ ધર્મો પાળતા હોવા છતાં ઈસ્લામ શત્રુતામાં એક છે. અને એક કુર્આન, એક કાબા, એક અલ્લાહ, એક રસૂલ પર શ્રદ્ધા ધરાવનારા અંદરો અંદર લડે, એ કેટલી બદનસીબીની વાત કહેવાય.

મુસલમાનો, ઈસ્લામ ધર્મ, મુસ્લિમ સંસ્થાઓ– ચળવળો, મદ્રસાઓ, તબ્લીગ જમાઅત વગેરે વિષે ઘણી ગેર સમજો પ્રવતી રહી છે. દેશ પર ૮૦૦ વરસ મુસલમાનોનું શાસન રહયું, પણ મવ. અલી મીયાં (રહ.)ના કહેવા પ્રમાણે દેશનો ગેર મુસ્લિમ વિદ્વાન પણ હજુ "અલ્લાહુ અકબર"ના અર્થથી નાવાકેફ છે. તેઓ અકબર બાદશાહને મુસલમાનોનો અલ્લાહ સમજે છે. અને સમજે છે કે બાબરે બનાવેલી બાબરી મસ્જિદ દ્વારા મોગલ સત્તા ફરીથી સ્થાપવા માંગે છે, આવી ગેરસમજોના નિવારણની જરૂરત છે.

દેશવાસીઓને બતાવવાની જરૂરત છે કે મુસલમાનોની આજની રહેણી કરણીનું નામ ઈસ્લામ નથી. ઈસ્લામ તો કુર્આન, હદીસની શુધ્ધ–નિર્મળ પવિત્ર જીવન શૈલીનું નામ છે. જેનું ઉત્તમ ઉદાહરણ મદીનાના પવિત્ર જીવન દ્વારા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આપણી સમક્ષ રજુ કર્યુ છે. મુસ્લિમ વિદ્વાનોના મતે દરેક તે કાર્ય જે ન્યાયથી અન્યાય તરફ લઈ જતું હોય, તેનો ઈસ્લામથી કોઈ સંબંધ નથી.

મુસ્લિમ સમાજમાં ન્યાય અને સામાજિક સમાનતાનું પ્રમાણ ઘણું જ ઓછું છે. બેવાઓ, યતીમો, અશકતો, નિરાધારો, બીમારોની સહાય, મઝલૂમોની મદદ, અભણ લોકોની શિક્ષા વગેરે વાતો તરફ પુરતું ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતું નથી. આવા સામાજિક કાર્યોમાં ઉલમાઓ અને દીની સમજ–ધગશ રાખનાર લોકોએ આગળ આવવાની જરૂરત છે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : જે મુસલમાન બીજા મુસલમાનો સાથે હળે–ભળે અને એમની તકલીફોને સહન કરે, તે એવા મુસલમાન કરતાં સારો છે, જે સામાન્ય જનથી મેલ– મિલાપ ન રાખે, અને એમની તકલીફો પર સબર ન કરે.

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

**અનુવાદ** : મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.

(બ્લેકબર્ન. યુ.કે.)

૧૨૮

## રાતની નમાઝ અથવા તહજ્જુદ ફઝીલત અને મહત્વતા

ઈશા અને ફજર વચ્ચે કોઈ નમાઝ ફરજ કરવામાં આવી નથી. જો ઈશા શરૂ વખતમાં પઢી લેવામાં આવે અથવા થોડી મોડેથી પઢવામાં આવે તો ફજર સુધી ઘણો વખત ખાલી રહે છે. જો કે આ વખત એ હિસાબે ઘણો જ કીંમતી હોય છે કે વાતાવરણમાં જેવી શાંતિ રાતના સન્નાટામાં હોય છે. એવી શાંતિ બીજા કોઈ વખતમાં હોતી નથી. જો ઈશા પછી માણસ થોડીવાર માટે સુઈ જાય, અને અર્ધી રાત વીતી ગયા પછી ઉઠી જાય, (જે તહજ્જુદનો ખરો સમય છે) તો પછી તે સમયે એકાંત અને એકચિત્ત સાથે નમાઝ પઢવી નફસની કસોટી અને સુધારણાનું ખાસ સાધન છે. કુર્આનમાં ફરમાવવામાં આવ્યું છે :

﴿إِنَّ نَاشِئَةَ اللَّيْلِ هِيَ اَشَدُّ وَطْئاً وَّاَقْوَمُ قِيْلاً﴾

અર્થાત :– રાતમાં નમાઝ માટે ઉઠવું નફસને ઘણો જ દબાવનાર અમલ છે. અને તે સમયે (દુઆ અથવા કિરાઅતમાં) જે ઝબાનથી નિકળે છે તે બિલ્કુલ ઠીક અને હૃદય માફક નિકળે છે.

બીજી જગ્યાએ કુર્આન પાકમાં એવા બંદાઓના વખાણ આ શબ્દોમાં કરવામાં આવ્યા છે.

﴿تَتَجَافٰى جُنُوْبُهُمْ عَنِ الْمَضَاجِعِ يَدْعُوْنَ رَبَّهُمْ خَوْفاً وَّطَمَعاً﴾

અર્થાત :– તેમના પેહલુ (તે સમયે કે લોકોનો સુવાનો વખત હોય છે) સુવાની જગ્યાએથી અલગ રહે છે. તેઓ તે સમયે તેમના પરવરદિગારથી આશાઓ નિરાશાઓ સાથે દુઆઓ કરે છે.

આગળ ફરમાવ્યું છે કે તે બંદાઓના એ અમલનું જે ઈનામ અને બદલો જન્નતમાં મળશે. તેમાં તેની આંખોની ઠંડકનો પુરો સામાન છે. તેને અલ્લાહ વગર કોઈ પણ જાણતું નથી. (સુરએ સજદા)

અને કુર્આનેપાકમાં એક મોકા પર રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને તહજ્જુદનો હુકમ આપવા સાથે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને મકામે મહમૂદની આશા પણ આપી છે. ફરમાવ્યું :

﴿وَمِنَ اللَّيْلِ فَتَهَجَّدْ بِهٖ نَافِلَةً لَّكَ عَسٰى اَنْ يَّبْعَثَكَ رَبُّكَ مَقَاماً مَّحْمُوْداً﴾

અર્થાત :– તેમનો પહેલુ જે વખતે કે લોકોનો સુવાનો ટાઈમ હોય છે, સુવાની જગાએથી અલગ રહે છે.

એટલે અય નબી ! આપ આ કુર્આન સાથે તહજ્જુદ પઢો (એટલે તહજ્જુદમાં ખૂબ કુર્આન પઢયા કરો.) આ હુકમ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) માટે વધારાનો અને ખાસ છે. આશા રાખવી જોઈએ કે આપને આપનો રબ ''મકામે મહમૂદ'' અર્પણ કરશે. મકામે મહમૂદ આલમે આખિરતમાં અને જન્નતમાં ઉચ્ચતર સ્થાન હશે. આ આયતથી જાણવા મળ્યું કે મકામે મહમૂદ અને તહજ્જુદની નમાઝમાં કોઈ ખાસ સંબંધ છે. એટલા માટે જે ઉમ્મતી તહજ્જુદની નમાઝ સાથે જોડ રાખશે. ઈન્શા અલ્લાહ મકામે મહમૂદમાં કોઈ સ્થાનમાં હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો સાથ નસીબ થશે.

સહીહ હદીષોથી જાણવા મળે છે કે રાતના છેલ્લા ભાગમાં અલ્લાહ તઆલા તેની પુરી મહેરબાની અને કરમ ત્થા પોતાની ખાસ શાને રહમત સાથે બંદાઓ તરફ ધ્યાન આપે છે. અને જે બંદાઓને તે વાતોનું ધ્યાન અને સમઝ આપવામાં આવી છે. તેઓ આ મુબારક વખતની ખાસ બરકતોને સમજી શકે છે. આ પ્રસ્તાવના પછી હવે રાત્રે નમાઝ પઢવા અને તહજ્જુદ વિષેની હદીષો વાંચો :

(۲۰۳) عَنْ اَبِی هُرَيْرَةَؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ يَنْزِلُ رَبُّنَا تَبَارَكَ وَتَعَالٰى كُلَّ لَيْلَةٍ اِلَى السَّمَاءِ الدُّنْيَا حِيْنَ يَبْقٰى ثُلُثُ اللَّيْلِ الآخِرُ يَقُوْلُ مَنْ يَدْعُوْنِیْ فَاَسْتَجِيْبَ لَهٗ مَنْ يَسْأَلُنِیْ فَاُعْطِيَهٗ مَنْ يَسْتَغْفِرُوْنِی فَاَغْفِرَلَهٗ۔ رواه البخاری ومسلم)

તરજુમોઃ– હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ

(સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું: આપણો માલિક અને પાલનહાર રબ તબારક વ તઆલા દરરોજ રાત્રે જયારે ત્રીજા પહોરની રાત બાકી રહે છે ત્યારે આસમાને દુનિયા (દુનિયાના આકાશ) તરફ ઉતરે છે. અને ઈર્શાદ ફરમાવે છે. કોણ છે જે મારાથી દુઆ કરે, હું તેની દુઆ કબૂલ કરૂં, કોણ છે જે મારી પાસે માંગે હું તેને આપું કોણ છે જે મારી પાસે બખ્શિશ અને માફી માંગે, હું તેને બખ્શી દઉ. (બુખારી, મુસ્લિમ)

ખુલાસો :– આસમાને દુનિયા તરફ અલ્લાહ તઆલાનું ઉતરવું, જેનું હદીષમાં વર્ણન છે ; અલ્લાહ તઆલાની એક સિફત અને તેનું એક કર્તવ્ય છે. જેની હકીકત આપણે જાણતા નથી, જેવી રીતે યદુલ્લાહ, વજહુલ્લાહ, ઈસ્તવા અલલ્અર્શ, જેવી તેની સિફતો અને કર્તવ્યોની હકીકત અને કેફિયતની ખબરથી આપણે આજીઝ અને વંચિત હોવાનો એકરાર કરવો એ જ જ્ઞાન છે. પૂર્વજ ઈમામોની રીત અને મસ્લક એ જ રહ્યો છે કે તેમના વિષે પોતાની ઓછી સમઝ અને અજ્ઞાનતાનો એકરાર કરવામાં આવે. અને તેમની હકીકત અને કેફિયતનું જ્ઞાન બીજા મુતશાબિહાત માફક ખુદાને સોંપી દેવામાં આવે. ત્થા માનવામાં આવે કે જે પણ હકીકત છે તે હક છે. પરંતુ આ હદીષનો એ સંદેશ બિલ્કુલ સાફ છે કે રાતના છેવટના ત્રીજા પહોરમાં અલ્લાહ તઆલા પોતાની ખાસ શાને રહમત સાથે બંદાઓ તરફ ધ્યાન આપે છે. અને પોતે તેમને દુઆ અને સવાલ ત્થા ઈસ્તિગ્ફાર માટે બોલાવે છે. જે બંદાઓ આ હકીકત પર યકીન રાખે છે. તેમના માટે તે સમયે બિસ્તરા પર સુઈ રહેવું એનાથી પણ વધુ મુશ્કેલ હોય છે કે જેટલું બીજાઓ માટે તે સમયે બિસ્તર છોડી ઉભા થવું મુશ્કેલ હોય છે. અલ્લાહ તઆલાની મહેરબાનીથી એ હકીકતનું એવું યકીન અર્પણ કરે જે તે વખતે બેચેન કરી અલ્લાહના દરબારની હાજરી અને દુઆ સવાલ ત્થા ઈસ્તિગ્ફાર માટે ઉભા કરી દે.

(٢٠٤) عَنْ عَمْرِو بْنِ عَبَسَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَقْرَبُ مَا يَكُوْنُ الرَّبُّ مِنَ الْعَبْدِ فِى جَوْفِ اللَّيْلِ الآخِرِ فَاِنِ اسْتَطَعْتَ اَنْ تَكُوْنَ مِمَّنْ يَذْكُرُاللّٰهَ فِى تِلْكَ السَّاعَةِ فَكُنْ۔ (رواه الترمذى)

તરજુમો:– હઝરત અમ્ર બિન અબસહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું: અલ્લાહ તઆલા

બંદાથી સૌથી વધુ નજીક રાતના છેલ્લા વચલા ભાગમાં હોય છે. બસ જો તમારાથી બની શકે તો તમે તે બંદાઓમાંથી થઈ જાઓ, જે તે મુબારક સમયમાં અલ્લાહને યાદ કરે છે. તો તમે પણ તેમના માંથી થઈ જાઓ. (તિર્મિઝી શરીફ)

ખુલાસો :– આ હદીષમાં રાતના છેલ્લા ભાગમાં અલ્લાહ તઆલાની યાદની પ્રેરણા આપવામાં આવી છે. અને યાદ ભલે ગમે તે રીતે હોય, પરંતુ નમાઝ પઢવી "યાદ"ની સૌથી શ્રેષ્ઠ અને પુરેપુરી રીત છે; કેમકે તે દિલ, ઝબાન અવયવો બધાનો સંયુકત ઝિક્ર છે.

(٢٠٥) عَنْ اَبِى هُرَيْرَةَؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَفْضَلُ الصَّلٰوةِ بَعْدَ الصَّلٰوةِ الْمَكْتُوْبَةِ الصَّلٰوةُ فِى جَوْفِ اللَّيْلِ۔ (رواه مسلم)

તરજુમો:– હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું: ફરજ નમાઝ પછી સૌથી અફઝલ વચલી રાતની નમાઝ છે. (એટલે તહજ્જુદ)
(મુસ્લિમ શરીફ)

(٢٠٦) عَنْ اَبِى اُمَامَةَؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ عَلَيْكُمْ بِقِيَامِ اللَّيْلِ فَاِنَّهٗ دَابُ الصَّالِحِيْنَ قَبْلَكُمْ وَهُوَ قُرْبَةٌ لَكُمْ اِلٰى رَبِّكُمْ وَمَكْفَرَةٌ لِلسَّيِّئَاتِ وَمَنْهَاةٌ عَنِ الْاِثْمِ۔ (رواه الترمذى)

તરજુમો:– હઝરત અબૂ ઉમામહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું: તમે તહજ્જુદ જરૂર પઢયા કરો, કેમકે એ તમારા આગલા નેક લોકોની રીત અને નિશાની છે. અને તે અલ્લાહની નજીક થવાનો વસીલો છે. તે ગુનાહોના ખોટા અસરોને દૂર કરનાર અને ગુનાહોથી રોકનાર વસ્તુ છે. (તિર્મિઝી શરીફ)

ખુલાસો :– આ હદીષમાં તહજ્જુદની નમાઝની ચાર ખાસિયતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. (૧) એક એ કે તે જુના ઝમાનાથી અલ્લાહના નેક બંદાઓની રીત અને શિઆર (નિશાની) રહી છે. (૨) બીજુ એ કે અલ્લાહની નજીક થવાનો ખાસ વસીલો અને સાધન છે. (૪) ત્રીજી અને ચોથું એ કે તેમાં ગુનાહોનો કફફારો બની તેના અસરને દૂર કરવા તેમ ગુનાહોથી રોકવાની ખાસયત છે. હક એ છે કે તહજ્જુદની નમાઝ મહાન દોલત છે.

હઝરત જુનૈદ બગદાદી (રહ.) વિષે લખ્યું છે કે તેમના મૃત્યુ પછી અમૂક લોકોએ તેમને સ્વપ્નામાં જોયા તો પુછયું કે કેવી ગુજરી ? અને તમારા પરવરદિગારે તમારી સાથે શું વર્તણુંક કરી ? જવાબમાં ફરમાવ્યું

تاهت العبارات وفنيت الاشارات ومانفعنا الاركعات صليناها فى جوفِ اللّيل

**અર્થાત :– એટલે હકીકત અને મારેફતની જે ઉંચી ઉંચી વાતો અમે ઈબાદતો અને ઈશારાઓમાં કર્યા કરતા હતા. તે બધી ત્યાં ઉડી ગઈ, બસ તે બે રકાતો કામ આવી જે રાત્રે ઉઠી અમે પઢયા હતા.**

(۲۰۷) عَـنِ الْـمُغِيُرَةِ بُنِ شُعُبَةَ قَالَ قَامَ النَّبِىُّ ﷺ حَتّٰى تَوَرَّمَتُ قَدَمَاهُ فَقِيُلَ لَـهٗ لِـمَ تَـصُـنَعُ هٰذَا وَقَدُ غُفِرَلَكَ مَا تَقَدَّمَ مِنُ ذَنُبِكَ وَمَا تَاَخَّرَ قَالَ اَفَلاَ اَكُوُنَ عَبُداً شَكُوُراً۔ (رواه البخارى ومسلم)

**તરજુમો:– હઝરત મુગિરહ બિન શોઅબહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ એટલો લાંબો કિયામ ફરમાવ્યો કે (એટલે રાત્રે તહજ્જુદની નમાઝ એટલી લાંબી પઢી) કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના કદમ મુબારક પર સોજો થઈ ગયો, તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ને અરજ કરવામાં આવી કે આપ આવું શા માટે કરો છો જયારે આપના આગલા પાછલા બધા ગુનાહો અને ભુલો માફ થઈ ગઈ છે? (અને અલ્લાહ તઆલાએ કુર્આન પાકમાં એની જાહેરાત કરી આપને એ સંબંધી નચિંત કરી દીધા છે.) આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું: તો શું હું (તેના એ મહાન ઉપકારનું) બધુ એહસાન માનનાર ન બનું? (અને એના એહસાનના કારણે વધુ ઈબાદત ન કરૂં?) (બુખારી, મુસ્લિમ)**

ખુલાસો :– રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ને ભલે આપણે ગુનેહગારોની જેમ વધુ ઈબાદત અને રિયાઝતની જરૂરત ન હતી, આપ સલ.નું ચાલવું, ફરવું, સુવું, સુધ્ધા સવાબનું કામ હતું તે છતાં પણ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) રાત્રે એટલી લાંબી નમાઝો પઢતા હતા કે કદમ મુબારક પર સોજો થઈ જતો હતો. એમા આપણા જેવા આરામના પુંજારીઓ અને આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના નાયબ હોવાના દાવેદારો માટે અગત્યનો બોધપાઠ છે.

## ઈસા. અલૈ. વિશે મુબાહલહનું ચેલેન્જ તેમજ

# તવહીદને અનુસરવાની દાવત

– *મુફતી ફરીદ અહમદ કાવી.*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

اِنَّ مَثَلَ عِيۡسٰى عِنۡدَ اللّٰهِ كَمَثَلِ اٰدَمَ ؕ خَلَقَهٗ مِنۡ تُرَابٍ ثُمَّ
قَالَ لَهٗ كُنۡ فَيَكُوۡنُ ﴿۵۹﴾ اَلۡحَقُّ مِنۡ رَّبِّكَ فَلَا تَكُنۡ مِّنَ
الۡمُمۡتَرِيۡنَ ﴿۶۰﴾ فَمَنۡ حَآجَّكَ فِيۡهِ مِنۡۢ بَعۡدِ مَا جَآءَكَ مِنَ الۡعِلۡمِ
فَقُلۡ تَعَالَوۡا نَدۡعُ اَبۡنَآءَنَا وَاَبۡنَآءَكُمۡ وَنِسَآءَنَا وَنِسَآءَكُمۡ
وَاَنۡفُسَنَا وَاَنۡفُسَكُمۡ ثُمَّ نَبۡتَهِلۡ فَنَجۡعَلْ لَّعۡنَتَ اللّٰهِ عَلَى
الۡكٰذِبِيۡنَ ﴿۶۱﴾ اِنَّ هٰذَا لَهُوَ الۡقَصَصُ الۡحَـقُّ ۚ وَمَا مِنۡ اِلٰهٍ اِلَّا
اللّٰهُ ؕ وَاِنَّ اللّٰهَ لَهُوَ الۡعَزِيۡزُ الۡحَكِيۡمُ ﴿۶۲﴾ فَاِنۡ تَوَلَّوۡا فَاِنَّ اللّٰهَ
عَلِيۡمٌۢ بِالۡمُفۡسِدِيۡنَ ﴿۶۳﴾ قُلۡ يٰۤـاَهۡلَ الۡكِتٰبِ تَعَالَوۡا اِلٰى كَلِمَةٍ
سَوَآءٍۢ بَيۡنَنَا وَبَيۡنَكُمۡ اَلَّا نَعۡبُدَ اِلَّا اللّٰهَ وَلَا نُشۡرِكَ بِهٖ شَيۡـئًا
وَّلَا يَتَّخِذَ بَعۡضُنَا بَعۡضًا اَرۡبَابًا مِّنۡ دُوۡنِ اللّٰهِ ؕ فَاِنۡ تَوَلَّوۡا
فَقُوۡلُوا اشۡهَدُوۡا بِاَنَّا مُسۡلِمُوۡنَ ﴿۶۴﴾

તરજમહ : બેશક, અલ્લાહ તઆલાની કુદરત મુજબ ઈસા (અલૈ.)નું ઉદાહરણ આદમ (અલૈ.) જેમ છે, તેમને માટીથી બનાવીને પછી તેમને હુકમ કર્યો કે (જીવતા) 'થઈ જાઓ' તો તે (જીવતા) થઈ ગયા. (૫૯) તમારા પરવરદિગાર તરફથી આ જ હક છે. માટે તમે હરગિઝ શંકાવાળાઓ લોકોમાં શામેલ ન થશો. (૬૦) આમ તમારી પાસે સાચું જ્ઞાન આવ્યા પછી પણ જો કોઈ ઈસા (અલૈ.) બાબતે તમારી સાથે ઝઘડો કરે તો આપ ફરમાવી દો કે આવો આપણે લઈને નીકળીએ, અમારી અવલાદ અને તમારી અવલાદ, અમારી સ્ત્રીઓ અને તમારી સ્ત્રીઓ, તેમજ અમે પોતે અને તમે પોતે, પછી આપણે કરગરીને દુઆ કરીએ અને જે લોકો જૂઠા હોય એમના ઉપર અલ્લાહની લઅનત(ની બદદુઆ) કરીએ. (૬૧) બેશક, આ બધી વાતો સાચા કિસ્સાઓ છે. અલ્લાહ તઆલા સિવાય કોઈ માબૂદ નથી. અને બેશક અલ્લાહ જ સમર્થ અને સમજદાર છે. (૬૨) હવે પછી પણ જો તેઓ મોઢું ફેરવે તો બેશક અલ્લાહ તઆલા આ ફસાદી લોકોને ખૂબ જાણે છે.

(૬૩) આપ ફરમાવી દો : હે અહલે કિતાબ ! જે વાત અમારા અને તમારા વચ્ચે સમાન છે, એના તરફ તો આવો, એટલે કે આપણે અલ્લાહ તઆલાની જ ઈબાદત કરીશું અને અલ્લાહ તઆલા સાથે કોઈને શરીક નહીં કરીએ. અને આપણામાંથી જ કોઈ માણસ અલ્લાહને છોડીને કોઈ બીજાને પરવરદિગાર (રબ) નહીં બનાવે, પછી જો તેઓ મોઢું ફેરવી લે તો એમને કહી દો કે તમે ગવાહ રહેજો, અમે તો તાબેદાર (મુસલમાન) છીએ. (૬૪)

તફસીર : ઈસાઈ લોકો હઝરત ઈસા અલૈ. વિશે કહેતા હતા કે એમનો જન્મ સામાન્ય રીતથી વિપરીત બાપ વગર ફકત મા ના પેટે થયો છે, એટલે તેઓ બધા માણસોની જેમ ફકત 'માણસ' કે અલ્લાહના બંદા નથી, બલકે માનવતાથી ઊંચા એટલે કે અલ્લાહના પુત્ર છે. એનો જવાબ આપતાં અલ્લાહ તઆલા ફરમાવે છે : હઝ. આદમ અલૈ.ને તમે ઈસાઈઓ માનવી અને બંદા સમજો છો, એમને તો અલ્લાહ તઆલાએ તો હઝ. ઈસા અલૈ. કરતાં પણ વધારે ચમત્કારી રીતે પેદા ફરમાવ્યા છે. તો પછી હઝરત ઈસા અલૈ. કેમ અલ્લાહના બંદા ન હોય.

ઈસાઈઓમાં પણ અમુક નાના ફિરકાઓ એવા ચાલતા આવ્યા છે, જે સાચી માન્યતાઓને જ અનુસરવાનો આગ્રહ રાખે છે અને હઝરત ઈસા અલૈ.ને ફકત અલ્લાહના બંદા માને છે, ખુદા કે ખુદાના પુત્ર નથી માનતા, પણ ચર્ચ દ્વારા અત્યંત કડક રીતે વિકસાવવામાં આવેલ વ્યવસ્થામાં એમનું કંઈ ઉપજતું નથી.

'કુન ફયકૂન' અલ્લાહ તઆલા કોઈ વસ્તુ બાબતે સર્જનનો નિર્ણય કરી લે છે એ જ ફેસલાને' કુન ફયકૂન' કહેવામાં આવે છે, એટલે કે અલ્લાહ તઆલા નિર્ણય કરે કે તુરંત એ મુજબ સર્જન થઈ જાય છે.

પછીની આયત નં ૬૧માં આ જ વિષયની એક વિશેષ ઘટનાનો ઉલ્લેખ છે. મુળ વાત એમ હતી કે હિજરી સન ૯ માં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે યમનના નજરાન પ્રદેશના ઈસાઈઓને પત્ર લખીને ઈસ્લામની દાવત આપી હતી, એમાં ઈસ્લામ સ્વીકાર અથવા સુલહ અથવા લડાઈ એમ ત્રણ બાબતોનો ઉલ્લેખ હતો. એના આધારે નજરાનના પાદરીઓ સહિત ૧૪ ઈસાઈ વડીલો મદીના શરીફ આવ્યા અને નબીએ

કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે હઝરત ઈસા અલૈ.ના અલ્લાહ તઆલાના બેટા છે, એ વિશયે ચર્ચા કરીને પોતાની વાત ગમે તે રીતે પુરવાર કરવા ચાહતા હતા. બાપ વગર પેદા થવાની વિશેષતા પણ એમણે જ રજૂ કરી હતી, જેનો જવાબ ઉપરની આયતમાં અલ્લાહ તઆલાએ આપ્યો છે. ઘણી બધી દલીલો આપવા છતાં તેઓ માનતા ન હતા એટલે છેલ્લે અલ્લાહ તઆલાએ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને આદેશ આપ્યો કે એમની કહો કે જો હજુ પણ આ બાબતે તેઓ તમારી સાથે દલીલબાજી કરતા હોય તો એમને કહો કે આપણે બન્ને પક્ષો પોતપોતાના બીવી બચ્ચાઓ અને ઘરવાળાઓને લઈને ખુલ્લા મેદાનમાં આવીએ, અને બન્ને પક્ષોમાંથી જે જૂઠો હોય એના ઉપર અલ્લાહ તઆલાની લઅનત થાય એવી કરગરીને દુઆ કરીએ. અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતાના બેટી હઝરત ફાતિમહ રદિ. હઝરત અલી રદિ., હઝરત હસન રદિ. અને હઝરત હુસૈન રદિ.ને લઈને સામે આવ્યા અને ઈસાઈઓને પણ બહાર આવવાની હાકલ કરી. એમણે આ ચેલેન્જ જોયું તો અંદરો અંદર સલાહ મસલત કરી, અને બધા એ બાબતે સહમત થયા કે આ સાચા નબી છે, જો આપણે એમની સામે પડીશું તો બરબાદી નક્કી છે, એટલે પછી સુલહ કરવા તૈયાર થઈ ગયા અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે યોગ્ય સાલિયાણું નક્કી કરીને સુલહ કરી લીધી.

કોઈ વિષયે હક – બાતિલની ઓળખ માટે બે પક્ષો વચ્ચે દલીલ અને ચર્ચા પછી પણ કોઈ નિર્ણય ન આવતો હોય તો બન્ને પક્ષો દ્વારા ભેગા મળીને એવી દુઆ કરવામાં આવે કે બે માંથી જે કોઈ બાતિલ હોય એના ઉપર અલ્લાહની લાનત અને અઝાબ આવે, એમ કરવાને 'મુબાહલહ' કહેવામાં આવે છે. મુળ તો સામસામે લડતા બન્ને પક્ષના લોકોએ ભેગા મળીને દુઆ કરવાની છે. બન્ને પક્ષો પોતાની સાથે ઘરવાળાઓને પણ લઈને ખુલ્લામાં આવે તો એ જરૂરી નથી, અલબત્ત એમ કરવાથી દાવો વધારે મજબૂત બને છે.

આયત નં ૬૪ માં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને શિખામણ છે કે યહૂદીઓ અને ઈસાઈઓને કહો કે, જે બાબતે અમારા

તમારા એટલે કે આપણા વચ્ચે સહમતિ છે, એને તો બધા માનીએ, સ્વીકારીએ અને એ મુજબ અમલ કરવાનો કરાર કેમ ન કરી લઈએ, એટલો તો આપણા વચ્ચે સંપ થઈ જાય. આમ કહેવા પાછળ અલ્લાહ તઆલાનો મકસદ આ છે કે યહૂદીઓ અને ઈસાઈઓ એમની કિતાબોના હવાલાથી મોઢેથી તો એક ખુદાને માનવાનું એલાન કરતા હતા, પણ અમલમાં ચોખ્ખું શિર્ક કરતા હતા. યહૂદીઓ હઝરત ઉઝૈર અલૈ.ને અલ્લાહ તઆલાના બેટા માનતા હતા, ઈસાઈઓ તો એમનાથી આગળ વધીને એકખુદાની શકિત ત્રણ હસ્તીઓમાં માનતા હતા. એટલે એમને કહેવામાં આવ્યું કે, અમારા જેવી તવહીદની જે વાતો તમે કરો છો, ચાલો આપણે બધા એના ઉપર અમલ કરી લઈએ. જે વાતે બધાને એકમત કહેવામાં આવ્યા છે, એમાં પ્રથમ અલ્લાહ સિવાય કોઈ બીજા ઈબાદત ન કરવી અને બીજી વાત અલ્લાહ તઆલાને છોડીને પોતાના જેવા જ કોઈ માણસને અલ્લાહ જેવો રબ ન માનવાની છે. ઈસાઈઓ હઝરત ઈસા અને હઝરત મરયમ અલૈ.ને અલ્લાહ તઆલાની જેમ ખુદા માને છે, એટલે એમને કહેવામાં આવ્યું કે અલ્લાહને છોડીને કોઈ બીજાને રબ ન માનીએ, આવું બધું વાતોમાં તો તમે કહો જ છો, ચાલો એનું અનુસરણ કરીએ. પણ આવું કરવા તેઓ તૈયાર નહીં થાય, એટલે જયારે તેઓ આમ કરવાનો ઈન્કાર કરે તો એમને કહી દેજો કે તમે ગવાહ રહેજો, અમે તો તાબેદાર (મુસલમાન) છીએ.

મવલાના દરયાબાદી રહ. લખે છે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઝમાનામાં ઈસાઈઓ કેથોલિક હતા અથવા રોમન ચર્ચને અનુસરનાર હતા, પ્રોટેસ્ટન્ટ ફિરકો તો ઘણા સમય પછી બન્યો. કેથોલિક ઈસાઈઓ અલ્લાહ તઆલાને છોડીને હઝરત ઈસા અલૈ., મરયમ અલૈ., રુહુલ કુદસ, પાપા એટલે કે પાદરી અને બીજા અનેક લોકોને અલ્લાહ તઆલની જેમ પૂજતા હતા અને એમની સામે હાજતો રજૂ કરતા હતા, ગુનાહોની માફી માંગતા હતા વગેરે..

કેથોલિક ઈસાઈઓ વિશેષ કરીને 'પાપા' વડા પાદરીને પવિત્ર – માસૂમ સમજે છે, જયારે કે ચર્ચ એટલે કે પાદરીઓના સમુહને તો બધા જ ઈસાઈઓ પવિત્ર – માસૂમ સમજે છે. ● ● ● ●

# બુઝુર્ગોનો ઇખ્તેલાફ અને અલ્લાહવાળાઓ પ્રત્યે દુશ્મની

હઝરત અકદસ શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની કિતાબ
'ઈસ્લામી સિયાસત'નો ક્રમશ અનુવાદ. *મુફતી ફરીદ અહમદ કાવી.*

બુઝુર્ગો અને અકાબિર વચ્ચે અમુક વિષયે સખત વિરોધ અને ઈખ્તેલાફ હોય, તો આવી સ્થિતિમાં આપણે આ યાદ રાખવું જોઈએ કે આવો સખત ઈખ્તેલાફ શરીઅત વિરુદ્ધ જ હોય અથવા નુકસાનકારક જ હોય, એ જરૂરી નથી. અહલે હક લોકોમાં જયારે વિરોધાભાસ જોવા મળે તો વિષય અને હુકમ મુજબ ઈખ્તેલાફ પણ ઓછો વધતો સખત કે નરમ હોય શકે છે. જેમ કે એક બાબતને કોઈ માણસ 'ફરજ' સમજે છે, અને બીજો માણસ 'હરામ', અથવા કોઈ માણસ કોઈ કામને 'વાજિબ' સમજે છે અને બીજો 'મકરૂહે તહરીરી' તો પછી બન્ને પક્ષો વચ્ચે વિરોધ, ઈખ્તેલાફ, દલીલબાજી અને એકબીજાને જવાબ આપવામાં ફરજ અને હરામ જેવો જ જુસ્સો અને રીત અપનાવવામાં આવશે. આ જ કારણે સહાબા રદિ.માં પણ પરસ્પર લડાઈ થઈ ગઈ હતી.

અબૂદાવૂદ શરીફમાં હદીસ છે : એક સહાબી રદિ.એ ફરમાવ્યું કે, વિત્રની નમાઝ વાજિબ છે, બીજા સહાબી રદિ.નું મંતવ્ય અલગ હતું એટલે તેઓએ ફરમાવ્યું : એ માણસ જુઠું બોલે છે. ભલે ઉલમાએ કિરામ આવા શબ્દોને ફેરવીને અવો મતલબ વર્ણવે જે સહાબા રદિ.ની શાન મુજબ હોય, પણ આખર શબ્દ તો આ જ 'જૂઠા' હોવાનો વાપરવામાં આવ્યો છે. માટે કોઈ હક વાત કહેવામાં કોઈના મુખે સખત શબ્દો નીકળી જાય તો આપણે પણ યોગ્ય મતલબ મુજબ એને ફેરવી તોળવી લેવા જોઈએ. હદીસ શરીફમાં આવા સેંકડો ઉદાહરણો મળી આવશે. આ લોકો (સહાબા) પોતાના આવું કડક વલણ એટલા માટે અપનાવતા હતા કે એમને નબીએ

કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો આદેશ હતો :

ખબરદાર ! લોકોનો ખોફ અને રોફના કારણે કોઈ પણ માણસ હક વાત ઉચ્ચારવામાં ખચકાટ ન રાખે. (તિરમિઝી) એકવાર હઝરત અબૂ સઈદ ખુદરી રદિ. આ હદીસ વર્ણવીને રડવા લાગ્યા અને ફરમાવ્યું : અમે ઘણી ખોટી બાબતો જોયી પણ વિપરીત સ્થિતિ હક કહેવામાં આડે આવી ગઈ.

એકબીજા મશહૂર હદીસ છે : જે કોઈ માણસ કોઈ બુરાઈ જુવે તો એને હાથ વડે અટકાવે. હાથ વડે રોક – ટોક શકય ન હોય તો એના વિરુદ્ધ બોલીને બુરાઈને બંધ કરાવે અને એ પણ શકય ન હોય તો દિલમાં એને ખોટું સમજે, અને આ ઈમાનનો છેલ્લો દરજો છે.

આવી બીજી ઘણી હદીસો છે, અને અમુક હદીસો મારા રિસલા 'તબ્લીગ'માં વર્ણવી છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની આવી તાકીદના કારણે આ લોકો હક વાત કહેવા પ્રેરાય છે અને જે દરજાનો હુકમ હોય છે એ મુજબ તાકીદ અને જોશથી એ હુકમને વર્ણવે છે અને એના વિરુદ્ધ કરવાથી રોકવાનો પ્રયત્ન કરે છે. અલબત્ત જરૂરી છે કે હક વાત કહેનાર અને એના વિરુદ્ધ કરવાથી રોકનાર માણસમાં આ બાબતની લાયકાત હોય, દરેક માણસને 'હક'ની પહેચાન નથી હોતી અને બીજા માણસને રોકવાની પાત્રતા પણ નથી હોતી, એ સરળતાથી સમજી શકાય એવી વાત છે.

મારું પણ દિલ ચાહે છે અને તમન્ના છે, દુઆ પણ છે કે મુસલમાનો, વિશેષ કરીને અકાબિરીનમાં સંપ અને ઈત્તેફાક થઈ જાય. સંપ અને ઈત્તેફાક થાય તો વિરોધાભાસના કારણે જે વિશાળતા આવી હતી એ ભલે ખતમ થઈ જાય, પણ બીજા અનેક નુકસાનોથી બચી જવાશે. પણ ઈત્તેફાક અને સંપ કરવા માટે એકબીજો ગાળો ભાંડવી, એકબીજાને બદનામ કરવા, જે ખામી હોય પણ નહીં, એનો આરોપ લગાવવામાં આવે, તો એમાં કોઈ ભલાઈ તો નથી જ, ઉલટાનું નુકસાન છે. જે લોકો આવું ખરાબ કામ કરતા હોય એમણે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના

આ આદેશને સામે રાખે :

કોઈને ટોણો મારનાર, લાનત કરનાર, ગાળો ભાંડનાર અને અપશબ્દો બોલનાર માણસ પાકો મુસલમાન નથી હોય શકતો. (તિરમિઝી)

એક બીજી હદીસમાં છે : હે લોકો ! મોઢેથી પોતાને મુસલમાન કહો છો પણ ઈમાન હજુ તમારા દિલોમાં ઉતર્યું નથી.. મુસલમાનોને સતાવો નહીં. એમને કોઈ ભૂલ કે ગુનાનો ટોણો ન મારો. એમની ખામી – બુરાઈઓ ન શોધો. જે મુસલમાન બીજા મુસલમાનની બુરાઈઓ શોધે છે, અલ્લાહ તઆલા એની બુરાઈઓ શોધે છે, અને પરદા પાછળ કરેલા ગુનાહો પણ જાહેર કરીને બદનામ કરી દે છે.

આવી સમસ્યાનો ઉકેલ આ છે કે, સમજદાર, મુત્સદ્દી, અને સઘળી હકીકતથી વાકેફ હોય એવા લોકો, દરેક વાતને શરીઅતની મર્યાદા મુજબ સમજનાર અને સહનશીલ હોય એવા લોકો આગળ આવે, લાંબી ચર્ચા કરે, વિગતવાર બધું સમજાવે અને સામે પક્ષેથી સાંભળે પણ. આવું થયા કરશે તો ઈન્શાઅલ્લાહ ઈખ્તેલાફ ખતમ થઈ જશે. અને જે લોકો આવા પ્રયત્નો ન કરી શકતા હોય તો પછી એમણે ઈખ્તેલાફ કરનાર અકાબિરીનને પણ માઝૂર સમજવા જોઈએ. મારા જેમ પોતાની કમઝોરી સ્વીકારને અફસોસ વ્યકત કરીએ. પણ ગાળો તો સામાન્ય મુસલમાનને પણ આપવી જાઈઝ નથી, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ફરમાન છે :

"મોમિનને ગાળો આપવી મોટો ગુનો છે." (જામિઅ સગીર)

તો પછી અલ્લાહના વલીઓ અને બુઝુર્ગોને ગાળો આપવી, અપશબ્દો કહેવામાં ફકત પોતાનું જ નુકસાન છે, બીજાનું બિલ્કુલ નહીં.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે :

من عادی لی ولیا فقد آذنته بالحرب (بخاری شریف)

જે કોઈ માણસ મારા કોઈ વલી સાથે દુશ્મની રાખે, મારા તરફથી એની સાથે જંગનું એલાન છે.

આ હદીસથી સમજમાં આવે છે કે, અલ્લાહ તઆલાથી લડીને કોઈ પણ દુનિયામાં કામ્યાબ થઈ શકે છે ? અને આખિરતનું તો પૂછવું જ શું ? આ જ વાત અનેક હદીસોમાં વિવિધ શબ્દોમાં કહેવામાં આવી છે. હઝરત આઈશહ રદિ., હઝરત અબૂ હુરયરહ રદિ., હઝરત મયમૂનહ રદિ., હઝરત મઆઝ રદિ., હઝરત અનસ રદિ., હઝરત અબૂઉમામહ રદિ. વગેરે સહાબા રદિ.એ આ હદીસ વર્ણવી છે. અમુક રિવાયતોમાં છે કે જો કોઈ માણસ મારા કોઈ વલીને સતાવે છે તો એ સમજો કે એણે મારી સાથે લડાઈ શરૂ કરી દીધી. એક હદીસમાં છે કે જે માણસ મારા વલીનું અપમાન કરે છે, એ મારી સામે મુકાબલામાં ઉતરે છે. (ફત્હુલ બારી)

હઝરત ઉમર રદિ.એકવાર મસ્જિદે નબવીમાં પહોંચ્યા તો જોયું કે, હઝરત મઆઝ બિન જબલ રદિ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની કબ્ર પાસે બેસીને રડી રહયા છે. હઝરત ઉમર રદિ.એ પૂછયું કે, મઆઝ ! કેમ રડી રહયા છો ? એમણે જવાબ આપ્યો કે, આ કબ્ર વાળા (નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના મુખે એક વાત સાંભળી હતી કે કોઈ કામમાં થોડો દેખાવડો કરવો પણ શિર્ક છે અને જે કોઈ માણસ અલ્લાહના કોઈ વલી સાથે દુશ્મની કરે છે તે અલ્લાહ તઆલા સાથે લડાઈ કરવા માટે મુકાબલો કરે છે. (મુસ્તદરક હાકિમ)

એક હદીસમાં છે, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે : હઝરત જિબ્રઈલ અલૈ. અલ્લાહ તઆલાનું કથન વર્ણવે છે કે, જે માણસ મારા કોઈ વલીનું અપમાન કરે છે, તે મારી સાથે મુકાબલો કરે છે, અને હું મારા વલીયોની હિમાયતમાં એવો નારાજ થાઉ છું, જેમ કોઈ વાઘ ગુસ્સે થયો હોય.

હઝરત વહબ રદિ. રિવાયત ફરમાવે છે : હઝરત દાઉદ અલૈ.ની કિતાબ ઝબૂરમાં અલ્લાહ તઆલાનું આ ફરમાન છે : મારા સન્માન અને જલાલની કસમ ! જે કોઈ મારા વલીનું અપમાન કરે છે તે મારા મુકાબલામાં ઉતરે છે. (દુર્રે મન્ષૂર)

ઘણો જ અઘરો અને ખતરનાક મામલો છે, અલ્લાહ તઆલા સાથે

જેની લડાઈ હોય એનું શું ઠેકાણું રહેવાનું ? એમાં હાથ – પગ તૂટે કે નાક – કાન જતા રહે, એ તો આસાન છે, દુનિયાની તકલીફ છે, ખતમ થઈ જશે. આટલા નુકસાન પછી તોબાની તોફીક પણ નસીબ થઈ શકે છે, પણ ખુદાની દુશ્મનીના કારણે જો કોઈ માણસ બેદીનીમાં સપડાય જાય તો એનું શું થશે ?

ઉલમાએ કિરામ લખે છે કે અલ્લાહના વલીની દુશ્મની અને વ્યાજ ખાવું, આ બે ગુનાઓ સિવાય એક પણ ગુનો એવો નથી કે જે કરવાને અલ્લાહ તઆલા પોતાની સાથે લડાઈ ગણાવી હોય. એનાથી સ્પષ્ટ થાય છે કે આ ઘણો જ મોટો ગુનો છે. અને આવા લોકોનો અંજામ બુરો થવાનો ખતરો છે.

મઝાહિરે હકના લેખકે પણ લખ્યું છે કે, બંદા સાથે અલ્લાહ તઆલાની લડાઈ બુરા અંજામની નિશાની છે. એક મુસલમાન માટે નેક ખાતમો – અંજામ ઘણી જ ફાયદાની વસ્તુ અને લાઝવાલ નેઅમત છે. અને જે ગુનાથી ખાતમો ખરાબ થવાનો અંદેશો હોય એના વિશે વિચારો કે કેટલી ખતરનાક વસ્તુ હશે.

શેખ અહમદ રહ. એ જામેઉલ ઉસૂલમાં લખ્યું છે : સુન્નતની પેરવી કરનાર અને બિદઅત ખતમ કરનાર, વિશેષ કરીને ઈલમે નાફેઅ અને અમલે સાલેહ રાખનાર સૂફિયાએ કિરામની બુરાઈ કરવી, ખતરનાક ઝેર છે. મોટી બરબાદી છે. એ બાબતે સખત વઈદ આવી છે. આ ખતરનાક બાબત છે. આ દલીલ છે કે માણસના દિલમાં અલ્લાહ તઆલાની દુશ્મની છે. એનું દિલ બીમારીઓથી ભરેલું છે. આવા માણસનો ખાતમો ખરાબ થવાનો અંદેશો છે. ત્યાર પછી શેખ અહમદ રહ. આ વિષયે લાંબી ચર્ચા કરી છે, અત્રે એનો ઉલ્લેખની ગુંજાઈશ નથી.

બહર હાલ, હું મારાથી સંબંધ રાખનાર દરેક માણસને તાકીદ કરું છું કે, અલ્લાહ વાળાઓ વિશે દિલમાં જરા પણ નારાજગી – નફરત ન રાખશો. નહીંતર મારી સાથં સંબંધ તોડી નાખો. મારા વાલિદ સાહેબ રહ. પણ હમેંશા આ બાબતની વિશેષ તાકીદ ફરમાવતા હતા. ●

# ૨૬-જાન્યુઆરી, પ્રજાસત્તાક દિવસ

તા. ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે ભારત આઝાદ તો થઈ ગયું પરંતુ હજુ સુધી ભારત પાસે પોતાનું કોઈ બંધારણ ન હતું. બલકે અગાઉના સુધારેલા વસાહતી કાયદાઓ, ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયા એકટ ૧૯૩૫ આધારિત ભારતનો વહીવટ ચાલતો હતો. ઉપરાંત દેશ હજુ પણ રાજા પંચમ જયોર્જના બ્રિટીશ આધિપત્ય તળે ગણાતો હતો. અને એ આધારે લોર્ડ માઉન્ટ બેટન હજુ પણ ગર્વનર જનરલના પદ ઉપર બિરાજમાન હતો. ત્યાર પછી ૨૯ ઓગસ્ટ ૧૯૪૭ ના દિવસે ભારતના અલગ કામયી બંધારણની રચના માટે સમિતિનું ગઠન કરવામાં આવ્યું.

આ સમિતિ દ્વારા, નવેમ્બર ૧૯૪૭ના રોજ બંધારણનો એક મુસદો બંધારણ સભામાં રજૂ કરવામાં આવ્યો. આ બંધારણને મંજૂરી આપવા પહેલાં એના ઉપર ચર્ચા કરવા બંધારણ સભાનું ૧૬૬ દિવસનું જાહેર સત્ર બોલાવવામાં આવ્યું. જે બે વર્ષ ૧૧ માસ, ૧૮ દિવસ ચાલ્યું.

અનેક સુધારા–વધારા અને પૂરતા વિચાર વિમર્શ પછી ૩૦૮ સભ્યોની બંધારણ સભાએ ૨૪ જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ બંધારણના મુસદાની અંગ્રેજી અને હિન્દી નકલો ઉપર હસ્તાક્ષર કર્યા. એના બે દિવસ પછી ૨૬ તારીખે આ બંધારણને ભારત દેશ માટે કાયદાનું સ્વરૂપ મળ્યું. આ દિવસથી જ બ્રિટીશ ગર્વનર જનલરના સ્થાને ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદને નક્કી કરવામાં આવ્યા.

આમ આ દિવસને પ્રજાસત્તાક દિવસ કહેવામાં આવે છે.

બંધારણનો અમલ એ આઝાદીની પરિપૂર્ણતા હતી, જયારે કોઈ વ્યકિતને પોતાના મકાન બાંધકામનું કાર્ય પૂર્ણ થતાં જે ખુશી થાય છે તેવી જ ખુશી ભારતવાસીઓને ઈ.સ.૧૯૫૦માં થઈ હતી, બંધારણના ઘડવૈયાઓએ જે બંધારણ ઘડયું તે કોઈ ધર્મ આધારિત નહીં પરંતુ બધાને લઈને ચાલનારૂ હતું, બધાને બરાબરીનો હક આપનારૂ ઘડાયું છે.

એક મુસલમાન તરીકે જોઈએ તો ઈસ્લામ થકી વિશ્વ સમક્ષ સહુપ્રથમ રજૂ કરવામાં આવેલ માનવીય અધિકારો, જેમ કે સ્વતંત્રતા, સમાનતા અને સન્માન, ન્યાય, સમાન અધિકારો, વગેરે ઉપદેશોની એક અસર આ બંધારણમાં પણ જોવા મળે છે. આપણે બંધારણ અંગે ભલે અજાણ હોઈએ, પરંતુ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સમાનતા, બંધુત્વ, એકબીજાના હકો પુરા કરવા, માફ કરી દેવું, અન્ય ધર્મો અંગે બુરૂ ન બોલવું જેવા સદ્‌વિચારોને, ઉસુલોને અપનાવવાથી દીન ધર્મ સાથે દેશ અને વતનને પણ વફાદાર રહી શકીએ છીએ.

ભારતમાં મુસ્લીમ સલ્તનત હતી, આ સલ્તનત અંગ્રેજોએ છીનવી હતી. હુકુમત મુસલમાનો પાસેથી છીનવાઈ હોવાથી મુસલમાનોએ આઝાદીની લડતની શરૂઆત કરી હતી. આ આઝાદીની લડત નબીએ કરીમ (સ.અ.વ.)ના સંદેશનું અનુસરણ હતું, તેમના ઉપદેશના અમલનો એક ભાગ હતો. આપણાં બુઝુર્ગો, વડીલોએ સૌને ભેગા મળી, ભેગા રહીને જ કામ કરવાનો સંદેશ આપ્યો છે અને એમાં જ આપણાં ધ્યેયો સિદ્ધ થશે તેમાં બેમત નથી.

સ્વતંત્ર ભારતની પ્રથમ બંધારણ સભામાં મોલાના અબુલ કલામ આઝાદ, મોલાના હસરત મોહાની, અને મોલાના હિફઝુરહમાન સ્યોહારવી, બેગમ એજાઝ રસૂલ, તજમ્મુલ હુસૈન અને હુસૈન લાલજીભાઈ જેવા લોકો શામેલ હતા.

સ્વતંત્ર ભારતમાં મુસલમાનોના યોગદાન અને અધિકારો બાબતે ચર્ચા કરીએ તો બંધારણીય સભાની એક મહત્વની બાબત યાદ રાખવી પણ જરૂરી છે, આરક્ષણ એટલે કે અનામતના મુદ્દે બનાવવામાં આવેલ કમીટીની રિપોર્ટના આધારે જયારે ૨૨ ડિસેમ્બર, ૧૯૪૯ના રોજ ધારા ૨૯૨ અને ૨૯૪ અનુસાર મતદાન થયું તો સાતમાંથી પાંચ વોટ અનામત વિરુદ્ધ પડયા હતા, અને મોલાના અબુલ કલામ આઝાદ, મોલાના હિફઝુરહમાન સ્યોહારવી, બેગમ એજાઝ રસૂલ, તજમ્મુલ હુસૈન અને હુસૈન લાલજીભાઈ દ્વારા મુસ્લિમ અનામતનો વિરોધ કરવામાં આવ્યો

હતો. એટલે કે મુસલમાનોએ પોતે અનામત જતી કરીને, પોતાના અધિકારો માટે ભારતીય ગણતંત્રની વ્યવસ્થા ઉપર વિશ્વાસ વ્યકત કરીને સ્વબળે આઝાદ ભારતમાં આગળ વધવાનો નિર્ણય કર્યો હતો. (નવભારત ટાઈમ્સ, ૧૪ ડિસે.)

ઉપરોકત બલિદાનને યાદ કરીને ભારતના પ્રસિદ્ધ કટારલેખક અને ઈતિહાસવિદ કુલદીપ નાયર લખે છે : મુસ્લિમોએ સ્વેચ્છાએ તેમના માટેની આરક્ષણની જોગવાઈ જતી કરી. બંધારણીય સભા મુસ્લિમો માટે આરક્ષણની જોગવાઈ રાખવાના મતની હતી, પરંતુ મુસ્લિમ તે માટેના પોતાના ઈન્કાર ઉપર મક્કમ રહયા. પછીથી તેમની સાથે હળહળતો ભેદભાવ રખાશે એવી તેમને ત્યારે કલ્પના સુદ્ધાં ન હતી. આ ભેદભાવ એ હદે પહોંચ્યો છે કે સાચર સમિતિએ સ્વીકારવું પડયું કે દેશમાં મુસ્લિમોને સ્થિતિ દલિતોથી પણ બદતર છે. (ગુજરાત મિત્ર, બયાને મુસ્તફા. માસિક, ડિસે. ૧૮)

બંધારણીય સભાના એક મુસ્લિમ સભ્ય મોલાના હિફઝુરહમાન અમરોહા (યુ.પી.) સીટ ઉપરથી ત્રણવાર ચુટાઈને ભારતીય લોકસભાના સાંસદ બન્યા હતા. તેઓએ દારૂલ ઉલૂમ દેવબંદ મદરસામાં તાલીમ લીધી હતી. આપણા ગુજરાતના જામિઅહ ડાભેલના મદરસામાં પણ શિક્ષક તરીકેને સેવાઓ એમણે આપી હતી. ડાભેલ મદરસામાં તેઓ શિક્ષક – ઉસ્તાદ હતા એ દિવસોમાં દરમિયાન જ ગાંધીજીની દાંડી કુચ ડાભેલ નજીકથી પસાર થઈ હતી, અને મવલાના હિફઝુર્રહમાને અન્ય અનેક ઉસ્તાદો સંગાથે ગાંધીજીની દાંડીકુચમાં શરીક થયા હતા.

બંધારણ પણ બધી કોમ અને જાતિને, ધર્મને કોઈ બંધન કે વાડાઓમાં બાંધતું નથી તો આપણે પણ નાત – જાત – ધર્મ કે કોમના વાડાઓ ભુલી એક બની દેશની તરક્કી અને પ્રગતિના કાર્યમાં જોડાઈ જવું જોઈએ અને જો એમ થશે તો જ બંધારણના અમલનો, પ્રજાસત્તાક દિનનો ઉદ્દેશ્ય પુરો થયો ગણાશે.

———————————————

# તસવ્વુફ એટલે શું ?

❑ તસવ્વુફ એટલે દીન – દુનિયાના દરેક કામ ફકત અલ્લાહ તઆલા માટે જ કરવાં. અર્થાત 'ઈખ્લાસ' અને 'એહસાન' સાથે કરવાં.

શાહ વલીયુલ્લાહ રહ. ફરમાવે છે કે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની તાલીમના ત્રણ મુખ્ય બિંદુઓ છે.

(૧)દુનિયા, આખિરત, હિસાબ, કિતાબ વગેરેથી સંબંધિત લોકોના અકીદાઓની સુધારણા. 'ઉલમાએ ઉસૂલ' અને 'મુતકલ્લિમીન' આ વિષયના કાબેલ ગણાય છે.

(૨) ઈબાદતો અને માનવીય જરૂરતોના કામો સુન્નત તરીકા મુજબ કરવાની શિખામણ. ફુકહાએ કિરામ આ વિષયના કાબેલ ઉલમા ગણાય છે.

(૩) ઈખ્લાસ અને ઈહસાનની સુધારણા.

ઈખ્લાસ અને એહસાનનો હુકમ કુરઆનની અનેક આયતો અને અનેક હદીસોમાં આવ્યો છે. એક આયતમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

લોકોને ફકત એટલો જ હુકમ આપવામાં આવ્યો છે કે, દીનમાં ઈખ્લાસ સાથે (ફકત અલ્લાહ તઆલા માટે જ) ઈબાદત કરે.

એક બીજી આયતમાં છે : નેક લોકો એમના પરવરદિગારે જે કંઈ એમને આપ્યું હશે એ બધું લઈને બાગો અને નહેરોમાં હશે. આ લોકો અત્યાર સુધી 'એહસાન' (દરેક કામ સારી રીતે) કરનાર હતા.

હદીસ શરીફમાં આ 'એહસાન'નું વિગત સાથે વર્ણન છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને હઝરત જિબ્રઈલ અલૈ.એ પૂછયું કે, એહસાન શું છે ? તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : તમે અલ્લાહ તઆલાની ઈબાદત એવી રીતે કરો, જાણે તમે અલ્લાહને જોઈ રહયા હોય. અને અલ્લાહને જોઈ રહયા હોય એવું ધ્યાન ન બની શકે તો એવું ધ્યાન ધરો કે અલ્લાહ તઆલા તમને જોઈ રહયા છે.

આ ત્રીજી બાબત દીને ઈસ્લામની બુનિયાદ છે. આ બાબત એટલે કે ઈખ્લાસ, એહસાન અને દિલની પવિત્રતા શરીઅતના ત્રણેવ મકસદોમાં સહુથી બારીક અને મહત્વની બાબત છે. શરીઅતમાં એનું સ્થાન શરીરના પ્રાણ જેવું છે. સૂફિયાએ કિરામ રહ. આ જ મકસદની તાલીમ આપે છે. (તફહીમાત)

શાહ અબ્દુલ હક મુહદ્દિષ દહેલ્વી રહ. હઝરત જિબ્રઈલ અલૈ.ના ઉપરોકત સવાલ – જવાબ વાળી હદીસના અનુસંધાનમાં લખે છે કે, આ હદીસમાં હઝરત જિબ્રઈલ અલૈ.એ જે ત્રણ સવાલો : ઈમાન શું છે ? ઈસ્લામ શું છે ? એહસાન શું છે ? પૂછયા છે એમાં ખરી રીતે ઈલ્મે અકાઈદ, ઈલ્મે ફિકહ અને ઈલ્મે તસવ્વુફનું વર્ણન છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એટલે જ 'ઈમાન શું છે ?' ના જવાબમાં અકાઈદને લગતી બાબતો વર્ણન કરી. 'ઈસ્લામ શું છે ?'ના જવાબમાં શરીઅતના અહકામ એટલે કે ફિકહને લગતી બાબતો વર્ણન ફરમાવી. અને એહસાન શું છે ? ના જવાબમાં જે વર્ણવ્યું એ તસવ્વુફ છે. તસવ્વુફના મશાઈખ જે કંઈ કહે છે એ બધાનો ખુલાસો પણ આ જ છે. (અશિઅતુલ્લમ્આત)

હઝરત શૈખુલ હદીસ મવલાના ઝકરિય્યા રહ. આપબીતીમાં લખે છે કે, એકવાર મવલાના હબીબુર્રહમાન લુધ્યાનવી રહ. એમની પાસે આવ્યા અને સલામ – મુસાફહા પછી સવાલ કર્યો કે, તસવ્વુફ શી બલા છે ? એ બતાવો અને સાથે જ એવું પણ કહયું કે, મારા આ સવાલનો જવાબ વિચારીને રાખજો. હું ઈન્શાઅલ્લાહ પરમ દિવસે રાયપૂરથી પરત આવીશ ત્યારે જવાબ લઈશ.

હઝરત શૈખુલ હદીસ મવલાના ઝકરિય્યા રહ.એ તુરંત એમને કહયું કે, હમણાં જ જવાબ સાંભળતા જાઓ. અને પછી ફરમાવ્યું :

તસવ્વુફ إنـمـا الأعـمـال بالنيات એટલે કે દરેક કામ અલ્લાહ ખાતર કરવાની નિય્યત કરવાથી શરૂ થાય છે, અને أن تعبد الله كأنك تراه એટલે કે ખુદાને સમક્ષ ઉભા હોય એવું ધ્યાન બની જાય ત્યાં તસવ્વુફ પૂરું થાય છે.

એટલે કે સહીહ નિય્યત સાથે દરેક કામ કરવાની માણસ આદત પાડે અને પછી એ જ રસ્તે આગળ ચાલતો રહે તો ધીરે ધીરે એવી કેફિયત પેદા થઈ જશે કે માણસ દરેક પળે અલ્લાહ તઆલાને પોતાની સામે અને પાસે જ જોતો હોય. આ જ સ્થિતિનું વર્ણન હઝરત જુનેદ બગદાદી રહ.ના શબ્દોમાં આ છે કે, બંદા અને પરવરદિગાર વચ્ચે કોઈ પરદો ન રહે એનું નામ તસવ્વુફ છે.

શરીઅત વ તરીકત કા તલાઝુમ નામી કિતાબમાં શૈખુલ હદીસ હઝરત મવ. ઝકરિય્યા રહ. લખે છે :

તરીકત, વાસ્તવમાં 'એહસાન'નું જ બીજું નામ છે અથવા કહો કે 'એહસાન' ની કેફિયત મેળવવાના તરીકાનું નામ છે. એને જ તસવ્વુફ અને સુલૂક કહે છે. અથવા જે કંઈ બીજું નામ આપવામાં આવે.

આ જ કિતાબમાં હઝરત શૈખ રહ. હઝરત મુજદ્દીદ રહ.નો એક મકતૂબ આ વિષયનો નકલ કરીને ફરમાવે છે : અલ્લાહ તઆલનો શુક્ર છે કે આ નાચીઝે પણ મવલાના હબીબુર્રહમાન સાહેબ, રઈસુલ અહરાર દ્વારા તસવ્વુફની હકીકત વિશે પૂછવામાં આવેલ સવાલના જવાબમાં એમને એમ જ કહયું હતું કે તસવ્વુફ નિય્યત દુરુસ્ત કરવાનું નામ છે. (૯૪)

❑ અલ્લાહ તઆલા પ્રત્યે વફાદારી અને મખ્લૂક પ્રત્યે નિસ્વાર્થ હમદર્દીનું નામ તસવ્વુફ છે.

ઈમામ ગિઝાલી રહ. ફરમાવે છે :

વહાલા બેટા ! તસવ્વુફ વિશે તેં પૂછયું છે કે તસવ્વુફ શુ છે ?

તસવ્વુફ બે બાબતોનું નામ છે.

એક : બંદો અલ્લાહ તઆલાનો વફાદાર થઈ જાય. એટલે કે શરીઅત ઉપર સંપૂર્ણ રીતે અમલ કરે.

બે : અલ્લાહની મખ્લૂક પ્રત્ય હમદર્દી અને ભલાઈ કરનાર બની જાય.

જે કોઈ બંદો શરીઅત ઉપર કાયમ – અડગ રહીને લોકો સાથે ખેરખ્વાહી અને ભલાઈનું વર્તન દાખવે એ 'સૂફી' છે.

અને અલ્લાહ તઆલાની વફાદારી આ છે કે, અલ્લાહ તઆલા માટે પોતાની ખુશી અને મરજી છોડી દયે.

લોકો પ્રત્યે હમદર્દી આ છે કે લોકો સાથે પોતાના સ્વાર્થ ખાતર સંબંધ ન રાખે. લોકો સાથેના સંબંધોમાં સ્વાર્થ છોડીને લોકોની ભલાઈ અને એમના ફાયદા ખાતર એમની સાથે સદવર્તન દાખવે અને આ બધામાં પણ શરીઅત વિરુદ્ધ કોઈ કામ ન હોય. (રસાઈલે ઈમામ ગિઝાલી. અય્યુહલ વલદ)

❑ ખ્વાજા અબૂબક્ર શિબ્લી રહ. ફરમાવે છે :

તસવ્વુફ એટલે કે બધું જ છોડીને ફકત અલ્લાહના બની જવું. ખુદા તઆલા સિવાય બીજા કોઈના વિચારથી પણ દિલને પાક રાખવું. બલકે એમ જ સમજવું કે અલ્લાહ તઆલા સિવાય બીજું કંઈ છે જ નહીં.

❑ હઝરત મવલાના શાહ મસીહુલ્લાહ રહ. લખે છે : શરીઅતના જે અહકામ બાતિન (એટલે કે દિલ અને દિલની કેફિયત)થી સંબંધિત છે, એને તસવ્વુફ અને સુલૂક કહેવામાં આવે છે. અને જે અહકામ જાહેરી કામોથી સંબંધિત છે એને 'ફિહક' કહેવામાં આવે છે.

તસવ્વુફનો મુખ્ય વિષય અને બિંદુ અખ્લાકની સુધારણા અને કેળવણી છે. અને અલ્લાહ તઆલાની ખુશી પ્રાપ્ત કરવી તસવ્વુફનો મકસદ છે. આ મકસદને હાસિલ કરવાની રીત આ છે કે શરીઅતના દરેક હુકમ ઉપર સંપૂર્ણ રીતે અમલ કરવામાં આવે.

મતલબ કે તસવ્વુફ દીનની રૂહ અને અસલી કેફિયતનું નામ છે. તસવ્વુફ વડે માણસના દિલને બુરાઈઓ, બુરા અખ્લાક અને ગંદા વિચારોથી પાક કરવામાં આવે છે. જેમ કે, ક્રોધ, કીનો, હસદ, માલ અને દુનિયાની મુહબ્બત, હોદ્દા અને ખ્યાતિની ખેવના, કંજૂસાઈ, લાલચ, રિયાકારી, તકબ્બુર – અભિમાન, જેવી બુરાઈઓથી દિલને સાફ કરવું.

અને તોબા, સબ્ર, શુક્ર, અલ્લાહની મુહબ્બત, અલ્લાહનો ખોફ, દુનિયા અને માલનો ત્યાગ (ઝુહદ), તવહીદ, તવક્કુલ, ઈખ્લાસ, સચ્ચાઈ, આખિરતની ફિક્ર જેવી ખૂબીઓ અને અખ્લાક વડે દિલને શણગારવું અને સુધારવું. (શરીઅત વ તસવ્વુફ : ૧૭)

❑ શેખ શિહાબુદ્દીન સુહરવર્દી રહ. ફરમાવે છે :

હઝરત શૈખ અબ્દુલકાદિર જીલાની રહ. ફરમાવે છે : તસવ્વુફની બુનિયાદ આઠ વસ્તુઓ છે. અને આઠેવ વસ્તુઓ અંબિયાએ કિરામની ખૂબીઓ છે.

(૧) હઝરત ઈબ્રાહીમ અલૈ. જેવી સખાવત.

(૨) હઝરત ઈસ્માઈલ અલૈ.ની જેમ અલ્લાહની મરજીના તાબે થઈ જવું.

(૩) હઝરત અય્યૂબ અલૈ.જેવો સબ્ર કરવો.

(૪) હઝરત ઝકરિય્યા અલૈ.ની જેમ દુઆ કરનાર બની જવું.

(૫) હઝરત યહયા અલૈ. જેવી ગરીબી અપનાવવી.

(૬) હઝરત મૂસા અલૈ.ની જેવો લિબાસ પહેરવો.

(૭) હઝરત ઈસા અલૈ. જેમ દુનિયાને સેર કરવી અને બધાથી અલગ થઈને રહેવું.

(૮) જનાબ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની જેમ ફકીરી અપનાવવી. (કશ્ફુલ મહજૂબ, ઉર્દૂ : ૯૩)

❑ જાહેર અને બાતિનની ઈસ્લાહ – સુધારણા અને કેળવણીનું નામ તસવ્વુફ છે.

હઝરત મવલાના અશરફ અલી થાનવી રહ. ફરમાવે છે : તસવ્વુફ એકાંત કે સન્યાસનું નામ નથી. કશ્ફ અને કરામત અને દિલોની વાત જાણી લેવાનું નામ પણ

તસવ્વુફ નથી. બલકે માણસના જાહેર અને બાતિનની ઈસ્લાહનું નામ જ તસવ્વુફ છે. (ઈમ્દાદુલ ફતાવા, જદીદ : ૮/૫૦૪)

અલ્લામહ ઝફર ઉસ્માની રહ. લખે છે : તસવ્વુફ જાહેર અને બાતિન (બાહય અને અંતર)ને આબાદ કરવાનું નામ છે. જાહેરને આબાદ કરવા માટે નેક આમાલ કરવામાં આવે. અને બાતિનને આબાદ કરવા માટે અલ્લાહનો ઝિક્ર કરવામાં આવે. અલ્લાહ સિવાય કોઈ બીજા પ્રત્યે ધ્યાન ન આપવામાં આવે. સારા અખ્લાક અપનાવવામાં આવે. બુરા અખ્લાક અને દિલની ગંદકીઓને સાફ કરવામાં આવે. પહેલાના લોકો (સહાબા)ને આ બધું ફકત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સોહબત દ્વારા જ મળી જતું હતું, જેમ કુરઆન અને હદીસનું ઈલ્મ એમને સોહબતે નબવી દ્વારા મળી જતું હતું. એના માટે એમણે કિતાબો, અને વિસ્તાર પૂર્વક, વિષયોના વર્ગીકરણ સાથે લખવામાં આવેલા પુસ્તકો વાંચવા કે ભણવાની જરૂરત પડતી ન હતી. પછી જેમ બીજા બધા ઉલૂમ અને વિષયો માટે કિતાબો લખવામાં આવી, વિષયો અલગ કરીને મદરસાઓમાં તાલીમ આપવામાં આવી એવી જ રીતે મશાઈખ રહ.એ જાહેર અને બાતિનને આબાદ કરવા માટે મુજાહદો, એકાંત, ખાનકાહ, વગેરે બાબતો નક્કી ફરમાવી. (એઅલાઉસ્સુનન : ૧૮/૪૫૦, ઈમ્દાદુલ ફતાવા જદીદ : ૮/૫૦૪)

❑હઝરત મવ. મનાઝિર અહસન ગીલાની રહ. ફરમાવે છે :

સાચી વાત આ છે કે તસવ્વુફ પણ ફિકહ, ઈલ્મે કલામ, તફસીર અને હદીસની જેમ કોઈ ઈલ્મ – વિદ્યા હોત તો તસવ્વુફના કાબેલ ઉલમા દ્વારા બતાવવામાં આવેલ વાતો માનીને એ મુજબ કરી લેવું સરળ હોત. બીજી બધી વિદ્યાઓ – કળાઓમાં એવું જ કરવામાં આવે છે. પરંતુ તસવ્વુફ ફકત ઈલ્મ – જ્ઞાનનું નામ નથી. સંપૂર્ણ પણે દીની જીવનના ધ્યેય સુધી પહોંચવા માટે તસવ્વુફમાં અમલની વિશેષ જરૂરત પડે છે. (મકાલાતે એહસાની : ૩૪)

દરેક ઝમાનામાં બુઝુર્ગો અને મશાઈખ રહ.એ 'તસવ્વુફ'નો ખુલાસો અને મકસદ વિવિધ શબ્દોમાં વર્ણન ફરમાવ્યો છે. એ બધા કથનોનો સાર એ જ નીકળે છે કે તસવ્વુફ શરીઅતનો એક મહત્વનો ભાગ છે અને શરીઅતના કોઈ પણ હુકમથી તસવ્વુફ અલગ નથી.

❑શેખ અબૂનસ્ર સર્રાજ તૂસી રહ. મહાન બુઝુર્ગ છે. એમની એક કિતાબ 'અલ્લુમઅ' નામી છે. 'તસવ્વુફ' શું છે, એ વિશે મશાઈખના અમુક કથનો એમણે વર્ણવ્યા છે :

હઝરત જુનૈદ બગદાદી રહ.ના ઉસ્તાદ શેખ મુહમ્મદ બિન અલી રહ. ફરમાવે છે : નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમના પવિત્ર સમયકાળમાં સહાબા રદિ. જેવા શરીફ અને નેક લોકો સમક્ષ જે કામો દ્વારા એમની તાલીમ અને તરબિયત ફરમાવી, એનું જ નામ 'તસવ્વુફ' છે.

હઝરત જુનૈદ બગદાદી રહ.નું કથન છે કે, બંદા અને પરવરદિગાર વચ્ચે કોઈ પરદો ન રહે એનું નામ તસવ્વુફ છે.

હઝરત રુવૈમ બિન અહમદ રહ. ફરમાવે છે : પોતાના નફસને અલ્લાહ તઆલાની મરજીના તાબે કરી દેવાનું નામ તસવ્વુફ છે.

હઝરત સમ્નૂન રહ.ને તસવ્વુફ વિશે પૂછવામાં આવ્યું તો એમણે ફરમાવ્યું : માણસ દુન્યાની કોઈ વસ્તુનો માલિક ન બને અને દુનિયાની કોઈ વસ્તુ માણસની માલિક ન બને.

અબૂમુહમ્મદ જરીરી રહ. ફરમાવે છે : દરેક પ્રકારના સારા અખ્લાક અપનાવવા અને દરેક બુરા અખ્લાક છોડવાનું નામ તસવ્વુફ છે.

અમ્રબિન ઉસ્માન મક્કી રહ. ફરમાવે છે : બંદો દરેક સમયે એની પાછલી સ્થિતિ કરતાં વધુ સારી સ્થિતિમાં આગળ વધતો રહે, એ તસવ્વુફ છે.

અલી બિન અબ્દુર્રહીમ રહ.નું કથન છે : પોતાને હુબ્બે ઈલાહીમાં ફના કરીને સદાને માટે ખુદાના થઈ જવાનું નામ તસવ્વુફ છે. *(અલ્લુમઅ, ઉર્દૂ : ૫૬, અરબી : ૪૫)*

હઝરત મુરતઈશ રહ. ફરમાવે છે : તસવ્વુફ સારા અખ્લાક અને સદવર્તનનું નામ છે. અને એના ત્રણ પ્રકારો છે :

(૧) અલ્લાહ તઆલા પ્રત્યે સદવર્તન. એટલે કે અલ્લાહના દરેક હુકમોને વાળ જેટલા પણ ફેરફાર વગર, સંપૂર્ણ ઈખ્લાસ સાથે અપનાવવા.

(૨) મખ્લૂક સાથે સદવર્તન. એટલે કે વડીલોનું સન્માન, નાના લોકો સાથે શફકત, અને સમાન લોકો સાથે સમાનતાનો વર્તાવ કરવો અને એના અવેજમાં સામેથી કોઈ બદલો મળવાની ચાહના ન રાખવી.

(૩) સારા અખ્લાકનું ત્રીજું પાસું આ છે કે શયતાન અને નફસની વાસના, કામના, મહેચ્છાઓને રજમાત્ર તાબે ન થવું.

(તસવ્વુફ બાબતે મશાઈખના અન્ય કથનો કશ્ફૂલ મહજૂબ, ઉર્દૂ : ૮૯–૯૬, અવારિફુલ મઆરિફ, બાબ :૫, પેજ : ૧૯૮–૨૦૪ ઉપર જોઈ શકાય છે.)

---

# ઇસ્લામનો અર્થ અને કાર્યવર્તુળ

*–હઝ.મવ. અબૂલ હસન અલી મીયાં નદવી (રહ.)*

ઈસ્લામ અલ્લાહ સમક્ષ સમપર્ણ (Surrender) થઈ જવાનું નામ છે. માનવ જીવનના સઘળા પાસાઓને પોતાનામાં સમાવતા ધર્મનું નામ છે. ઈસ્લામ એક પાયાની વાસ્તવિકતા છે, જે બંદા (ભકત) અને અલ્લાહ (ઈશ્વર)ના સંબંધોને સમજવાથી આપોઆપ સમજી શકાય છે. દરેક મુસલમાન અલ્લાહનો આજ્ઞાકારી બંદો છે, અને અલ્લાહથી સામાન્ય અને સ્થાયી, ઉંડો અને વ્યાપક, સિમિત અને ભરપૂર દરેક પ્રકારનો સંબંધ ધરાવે છે

કુર્આનમાં છેઃ હે ઈમાન વાળાઓ,ઈસ્લામમાં પૂરા– સંપુર્ણ દાખલ થઈ જાઓ અને શૈતાનનું અનુસરણ ન કરો. તે તો તમારો ખુલ્લો શત્રુ છે. (૨,૨૦૮)

અહિંયા અનામત કે આરક્ષણ નથી કે આ તમારૂં અને આ અમારૂં.આટલું દેશનું અને આટલું રાજયનું. આ અલ્લાહનું અને આ પરિવાર કબીલાનું, થોડું દીન–ધર્મ માટે અને થોડું રાજનૈતિક લાભ માટે. અહિંયા તો સઘળી ઉપાસના –બંદગી અલ્લાહ માટે જ છે. ઈસ્લામના આ પરિઘમાં માનવ જીવન અને તેના સઘળા પાસાંઓ આવી ગયા છે.

મોટાથી મોટા વિદ્વાન(ફકીહ), સંશોધક(મુજતહીદ) આલિમ–બુઝુર્ગ– પીર–ઓલિયા કે વિદ્વાનને કોઈ એવી વાતમાં સંશોધનનો અધિકાર નથી જે કુર્આન–હદીસમાં સ્પષ્ટ છે.

અલ્લાહની ઈચ્છા, ઈસ્લામની માંગ અને અપેક્ષા છે કે પૂરા– સંપુર્ણ દાખલ થઈ જવામાં આવે. પરંતુ હું સ્પષ્ટ શબ્દોમાં કહેવું મારૂં કર્તવ્ય સમજું છું કે મુસલમાનોની રહેણી કરણી, શાદી વિવાહના રિવાજો, વારસા વહેંચણી, મુઆમલાત અને સામાજીક સંબંધો ઈસ્લામના નીતિ નિયમોથી ઘણાં જ દૂર છે.

કેટલાક લોકો ઈસ્લામી અકાઈદ (બુનિયાદી માન્યતાઓ) પરત્વે પૂરા પાકા છે, તૌહીદ–એકેશ્વરવાદમાં શ્રધ્ધા ધરાવે છે. અલ્લાહના રસૂલોથી આસ્થા ધરાવે છે. પરંતુ ઈબાદતમાં કાચા પડે છે. ઘણા એવા પણ છે, જેઓ અકાઈદ, ઈબાદતમાં પાકા છે, પરંતુ સામાજીક સંબંધોમાં માની ન શકાય એવા અવિશ્વાસુ હોય છે. કોઈ પણ મામલામાં ધોકાબાઝી, અન્યાય કરીને જ રહે છે. પાડોશીઓને રંજાડે છે. માપ તોલમાં ગરબડ કરે છે. વગેરે...

હદીસમાં આવે છેઃમુસલમાન તે છે, જેની જીભ અને હાથ(ની યાતના, કષ્ટ, સતામણી)થી મુસલમાન રક્ષિત હોય.

તમારામાંથી કોઈ પણ માણસ મુસલમાન ન કહેવાશે, જયાં સુધી એનો પાડોશી એની યાતના, સતામણીથી સુરક્ષિત ન થઈ જાય.

ખેર, આપણામાં એક સમુહ એવો છે, જેણે સઘળા વ્યવહાર, સંબંધો અને મુઆમલાતને ઈસ્લામથી બહાર કરી દીધા છે. ફકત અકાઈદ અને ઈબાદત જ એમનો સંપુર્ણ ઈસ્લામ છે. સંબંધોમાં પારદર્શિતા, વચન પાલન, અમાનદારી, સહિયારી વસ્તુઓમાં ન્યાયપુર્ણ વહેચણી, એમના મતે કોઈ ઈસ્લામી આચારને લગતી બાબત નથી. માનવીય અધિકારો, ચાકરોના હકો, નાત–સગાઈના તકાદાઓથી સ્વતંત્ર, બધામાં જ વ્યકિતગત સ્વાર્થ અને મનમાની.

અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતાના સાનિધ્ય– સોબતમાં રાખી ચાત્રિયવાન અનુયાયીઓ (સહાબાઓ)નો જે અનુકરણીય સમુદાય તૈયાર કર્યો હતો, તેઓ દીન–ધર્મના સંપંર્ણ શ્રધ્ધાળુ ,ઈસ્લામી આચાર વિચારમાં ઘડાયેલા, અકાઈદ, ઈબાદત, મુઆમલાત, આચરણ અને આયોજન, રાજ, સત્તા, જય, પરાજય, અને શાસન વ્યવસ્થા; દરેકમાં ઈસ્લામી નીતિ નિયમોને અનુસરનારા અને આધીન હતા.

————————————

# ભારતમાં ભ્રષ્ટાચાર

ભારતમાં ભ્રષ્ટાચાર જ શિષ્ટાચાર છે, એવા શબ્દો આપણે ઘણા પહેલેથી સાંભળતા આવ્યા છીએ. અલબત્ત પાછલા બે દશકોથી ભ્રષ્ટાચાર અને દેશવાસીઓના અધિકારો હનન કરીને એમનો માલ ચાઉ કરી જવાની જે નવી પેટ્રન સામે આવી રહી છે એ ચિંતાજનક છે. મૂડીપતિઓ, રાજકરણીઓ અને નોકરશાહો, રાષ્ટ્ર નિર્માણના આ ત્રણે સ્થંભો એક સાથે મળીને દેશને લુંટવાનું આયોજન કરતા હોય તો પછી ખુદા જ માલિક.

એમ તો મુડીપતિઓ કોઈ એક પાર્ટીના તાબે નથી હોતા. અને રાજકીય પાર્ટીઓને પણ વિવિધ ઉદ્યોગપતિઓ પાસેથી ફંડ – ફાળાની જરૂરત હોય છે. અને આ બધું નોકરશાહોના ટેબલ દ્વારા જ શકય બને છે એટલે તેઓને પણ ભાગીદાર બનાવવા પડે છે. ઘણીવાર નોકરશાહો ઉપર દબાણ લાવવામાં આવે છે, બદલી કે પોસ્ટ બદલવાની કે ઉપર નીચે કરવાની ધમકી મારફતે પણ એમનાથી કામ લેવામાં આવે છે. ઘણીવાર ઈમાનદાર અધિકારીઓને કોઈ નિષ્ક્રિય વિભાગમાં મોકલી દેવામાં આવે છે અથવા પ્રમોશન આપીને ખાલી કુરસી અને ફાઈલો વચ્ચે બેસાડી દેવામાં આવે છે.

રિઝર્વ બેંકના પૂર્વ ગર્વનર રઘુરામ રાજને વર્તમાન સ્થિતિની સમીક્ષા કરતાં કહયું હતું કે, ગરીબો એમના અધિકારો અને સવલતો માટે રાજકરણીઓ પાસેથી અપેક્ષા રાખે છે, અને રાજકરણીઓ ચુંટણી જીતવા માલદારોના શરણે જાય છે, અને એના અવેજમાં માલદારો – ઉદ્યોગપતિઓ સરકાર પાસેથી છુટછાટ મેળવે છે. રઘુરામ રાજનના શબ્દોમાં આ જ ભ્રષ્ટાચારનું વમણ છે જેમાંથી દેશ બહાર નથી નીકળતો.

ઉદ્યોગપતિઓ સરકાર પાસેથી સાર્વજનિક સંપત્તિ અને આવકના સ્ત્રોતો સસ્તાભાવે મેળવી લે છે, એ સામાન્ય બાબત છે. ઉપરથી રોકાણ અને ઉત્પાદનના નામે બેંકો પાસેથી સસ્તાદરની લોન પણ મેળવે છે. અને આ બધા માટે રાજકીય ફંડ – ફાળાને માધ્યમ બનાવવામાં આવે છે.

રાજકરણીઓ પણ એમના દોસ્તોને લાભ પહોંચાડવાનું એવું આયોજન કરે છે જાણે આ બધું લોકોની ભલાઈ અને એમના રોજગાર માટે કરવામાં આવતું હોય.

આપણી સામે અદાણી અને અંબાણીના જ નામો આવે છે, ફરાર માલ્યા અને મેહુલ ચોકસીની ચર્ચા આવે છે, પણ પ્રજાની, દેશની અને સાર્વજનિક સંપત્તિ લુંટનારા બીજા ઘણા બધા છે. અને હવે આ ઉદ્યોગપતિઓ પોતે ઈલેકશન લડીને સરકારમાં શામેલ થાય છે. રાજકીય પાર્ટીઓ ચંદાની લાલચે અને પોતાનો ખર્ચ બચાવવા એમને ચુંટણી લડાવે છે અને આ ઉદ્યોગપતિઓ સરકારમાં આવીને પોતાના સ્વાર્થ સાધે છે. ૧૯૯૧ થી ૨૦૧૪ સુધીના આંકડાઓ મુજબ પાર્લામેન્ટમાં પહોંચનાર ઉદ્યોગપતિઓની ટકાવારી ૧૪ થી ૨૬ ટકા સુધી વધી ગઈ છે. બીજેપીના ૨૭૨ સાંસદોમાંથી ૪૩ સાંસદો મોટા ઉદ્યોગપતિઓ છે. મનમોહન સિંહ અને નરસિમ્હા રાવ દ્વારા શરૂ કરવામાં આવેલ ખુલ્લા બજારની પોલીસી પછી જ આ બધું વધી રહયું છે એમ કહી શકાય. સરકારી સંસ્થાઓ અને કંપનીઓ કમઝોર થઈ રહી છે. ખાલી જગ્યાઓ ભરવાના બદલે આઉટસોર્સિંગ કે કોન્ટ્રાકટ પદ્ધતિ અપનાવવામાં આવે છે

ઉદ્યોગપતિઓ સરકારની નિકટ આવ્યા અને શામેલ થયા પછી સામાજિક આર્થિક ક્ષેત્રમાં પણ એમણે ખાનગીકરણની તરફેણ કરી, પરિણામે પ્રાઈવેટ સ્કૂલો, હોસ્પિટલો ખુલવા માંડી. સરકારમાં શામેલ લોકો પોતે ઉદ્યોગપતિઓ હોય, સ્કૂલ, કોલેજ અને હોસ્પિટલો ચલાવતા હોય તો પછી તેઓ સરકારી સ્કૂલ કોલેજ અને દવાખાનાઓને કેમ આગળ આવવા દે ?

આટલેથી બસ ન થયું તો હવે માથાદીઠ ગણતરી કરીને ઈન્શયોરન્સ સ્કીમો લાવવામાં આવે છે. અને પ્રત્યેક વ્યકિત દીઠ હઝારો – લાખોની રકમ આ કંપનીઓને આપી દેવામાં આવે છે. અને સામે તરફે લોકો ખુશ છે કે અમને વીમા કવચ મળી ગયું. પણ આ કવચથી સાચે જ લાભ મેળવતા હોય એવા લોકો ઘણા ઓછા હોય છે. ●●●●●●●

# મવ. ઇસ્માઈલ ભાઇજી ખાનપૂરી રહ.

પાછલા દિવસોમાં તા. ૨૩ ડિસેમ્બર, ૨૦૧૮, રવિવારે ભરૂચ જિલ્લાના અગ્રણી આલિમ અને કોમી રાહબર જનાબ હઝરત મવલાના ઈસ્માઈલ ભાઈજી ખાનપૂરી સાહેબ રહ. અલ્લાહની રહમતે પહોંચી ગયા. ઈન્નાલિલ્લાહ.

ખાનપૂર, તા. જંબુસર, જિ. ભરૂચ આપનું વતન હતું. ૧૯૪૬માં પેદા થયા અને પ્રાથમિક તાલીમ પછી દારૂલ ઉલૂમ આણંદ ખાતે પહોંચ્યા અને ત્યાંથી દીની તાલીમ પૂર્ણ કરી. મશ્હૂર મુહદ્દિષ હઝરત મવલાના ઈસ્હાક સંભલી રહ. પાસે બુખારી શરીફ પઢી હતી.

હઝરત અકદસ મવલાના મુફતી અહમદ ખાનપૂરી સાહેબ દા.બ.ના બાળપણના દોસ્ત હતા અને ખાનપૂરના દીની મિલ્લી કામોમાં હઝરત મુફતી સાહેબનો સહકાર, દુઆ અને તવજ્જુહ મેળવવા ખાતર આ દોસ્તીનો ખૂબ લાભ ઉઠાવતા હતા. હઝરત અકદસ પણ એમની વાતને સન્માન આપતા હતા. વફાતના સમાચાર સાંભળીને તુરંત ખાનપૂર પધાર્યા અને જનાઝહની નમાઝ પઢાવી.

૧૯ વરસની ઉમરે ફારિગ થયા અને ત્યારથી અત્યાર સુધી લગાતાર દીની તાલીમની સેવા આપતા રહયા. મોલ્વીપૂર કહેવાતા ખાનપૂરના આજના સેંકડો આલિમો આપ રહ.ના શાગિર્દ છે. ભરૂચ જિલ્લાની અગ્રણી દીની તાલીમ સંસ્થાઓ દારૂલ ઉલૂમ કંથારીઆ, બુસ્તાને આમિનહ મનુબર, બચ્ચોં કા ઘર આમોદના ટ્રસ્ટી પણ હતા. ખાનપૂર મકતબ મદરસા મુહમ્મદિયહ, મદરસતુલ બનાત અને સાર્વજનિક અંજુમનના પ્રમુખ પણ હતા. સમગ્ર જિલ્લાના આલિમોમાં આપ રહ.ને ઘણું માન પ્રાપ્ત હતું. એક દીર્ઘદષ્ટા વડીલની જેમ જિલ્લાના દરેક દીની કામોમાં ખામોશ રીતે પોતાનો ફાળો આપતા હતા.

તાલુકાના અનેક ગામડાઓમાં દીની મકાતિબની વાર્ષિક પરીક્ષાઓમાં આપ રહ.ને પરીક્ષક અને માર્ગદર્શન તરીકે બોલાવવામાં આવતા હતા. જામિઅહમાં પણ વરસો સુધી આપ રહ.ને 'દીનીયાત'ના વર્ગોની પરીક્ષા અને રાહબરી માટે દાવત આપવામાં આવતી હતી જેમાં આપ રહ. અચુક પધારતા અને પરીક્ષા લઈને યોગ્ય સુચનો ફરમાવતા હતા.

જામિઅહ જંબુસર સાથે પણ ઘણો જ પોતીકો લગાવ અને સંબંધ રાખતા હતા. જામિઅહના સઘળા પ્રોગ્રામોમાં અચૂક હાજર રહેતા હતા. લગભગ જયારે પણ જંબુસર આવતા, જામિઅહમાં જરૂર પધારતા હતા. કદી ૧૦ – ૧૫ દિવસ જંબુસર આવવાનું ન થતું તો સમય કાઢીને વિશેષ રૂપે જામિઅહની મુલાકાતે આવતા હતા. જામિઅહના સઘળા સ્ટાફને મુહબ્બત, શફકત અને સન્માનપૂર્વક મળતા હતા અને ખબર અંતર પૂછતા હતા. મોટા વડીલ ઉલમાએ કિરામ ઉપરાંત યુવાન ઉલમાએ કિરામને સન્માનપૂર્વક બોલાવતા હતા. જમીનદાર, સુખી સંપન્ન હોવા છતાં સ્વભાવે અત્યંત મિલનસાર અને વર્તન ઘણું જ સાદગી ભર્યું હતું. રહેણી કરણી પણ સાદી હતી અને ગામડાના લોકો વચ્ચે સમાન રીતે રહેવાને જ પસંદ કરતા હતા. મહેમાનનવાઝ – ઉલમાના કદરદાન હતા.

અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન નસીબ ફરમાવે. સઘળી નેકીઓ કુબૂલ ફરમાવે અને દીની ખિદમાતને સદકએ જારિયહ સ્વરૂપે કુબૂલ ફરમાવીને કયામત સુધી સવાબનો ઝરીયો બનાવે. બધા જ સગાઓને સબ્રે જમીલ અતા ફરમાવે અને મરહૂમની બરકતોને એમના માટે જારી રાખે. એમના અવસાનથી જે મોટી ખોટ જિલ્લાના અને ખાનપૂરના જે તે વિભાગમાં ઉભી થઈ છે એને પૂર કરે અને દરેક ક્ષેત્રમાં રાહબરી કરનાર નેક ઉલમા, આગેવાનો, વિદ્વાનો, શિક્ષિતો મુસલમાનોમાં પેદા ફરમાવે. આમીન. ●●●

## શરઈ માર્ગદર્શન
## ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફતી અહમદ દેવલા
સદર મુફતી જામિઅહ જંબુસર

### કપાળે મફલર વીંટીને સજદહ કરવો

સવાલઃ નીચેના મસ્અલાનો શરીઅત મુજબ જવાબ આપવા વિનંતી છે. શિયાળામાં ઠંડીથી બચવા માટે અમુક નમાઝીઓ કાનટોપી અને મફલર બાંધે છે, જેના લઈ અમુક નમાઝીઓનું પુરુ કપાળ મફલર અથવા ટોપીથી ઢંકાઈ જાય છે, જયારે નમાજીઓનું અડધું કપાળ ઢંકાઈ જાય છે, તો અડધું અથવા પુરું કપાળ ઢંકાવાથી સજદામાં અને નમાઝમાં કોઈ કમી આવશે ? તેઓની નમાઝ સહીહ ગણાશે ?

જવાબ : حامدا مصليا ومسلما

અફઝલ એ છે કે નમાઝીની પેશાની – કપાળ સીધું જમીન અથવા એના બરાબર સમાન કોઈ વસ્તુ ઉપર હોય, જો કે સજદહ આ રીતે પણ અદા થઈ જાય છે કે કાનટોપી અથવા મફલર પેશાની પર હોય અને એના ઉપર સજદહ કરવામાં આવે, પરંતુ જો પેશાની બિલકુલ જમીન ઉપર મુકવામાં ન આવે, ન તો સીધી રીતે અને ન કાનટોપી અને મફલરના વાસ્તાથી, બલકે પેશાની અધ્ધર રહે, જેમકે મફલરનો વીંટો કરતા, તેનો વીંટો પેશાનીથી ઉપર હોય અને તેને જમીન પર મુકવામાં આવે તો પેશાનીનો કોઈ ભાગ જમીન સાથે સીધી રીતે કે વાસ્તાથી સ્પર્શ કરતો ન હોવાના લઈ સજદહ દુરૂસ્ત થતો નથી, જેના લઈ નમાઝ પણ સહીહ થશે નહીં.

(દુર્ર –શામી : ૧/૩૭૦, ફ. મહમૂદીય્યહ : ૬ / ૫૯૫ ઉપરથી)

જો મફલર વિગેરેથી અડધુ કપાળ ઢંકાયેલુ હોય અને બીજું અડધું ખુલ્લું રહે અને સજદહ કરતા કેવળ મફલર વિગેરેથી ઢંકાયેલ ભાગને જ જમીન પર મુકવામાં આવે અને અડધું કપાળ અથવા એથી વધુ હિસ્સો જમીનથી અધ્ધર રહેતો હોય, તો સજદહમાં કમી આવશે, અધૂરો ગણાશે, કારણ કે સજદહમાં પેશાની કપાળનો વધુ પડતો હિસ્સો મુકવો વાજિબ છે, માટે આ રીતનો

સજદહ મકરૂહે તહરીમી લેખાશે, આવી સૂરતમાં નમાઝ ફરીથી પઢી લેવામાં આવે. (શામી : ૧ / ૩૩૦,૩૩૭, ઝુબ્દતુલ ફતાવાઃ૨ /૪૫૪, ૪૫૫ ગુજરાતી ઉપરથી) ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.(૫/૨/૧૪૩૨હિ.–૧૦/૧/૧૧.ઈ.)

## *વહેંચવા આપેલ ઝકાતની રકમ ચોરાય જાય તો*

સવાલઃ ઝેદ નામની વ્યકિતએ ફહદ સાથે વિદેશથી અમુક રકમ ડોલરમાં આપી અને કહયું કે ત્યાં ઈન્ડીયા જઈને રૂપિયામાં વટાવી ઝકાત પેટે ફલાણી જગા પર પહોંચાડી આપશો, ફહદે ના કહયું, છતાં ઝેદે જબરન આપ્યા, હવે તે રકમ ફહદે પોતાની બેબીની હેન્ડ બેગમાં મૂકી, જેમાં તેનું સોનું (ગોલ્ડ) પણ હતું. તે હેન્ડબેગ એરપોર્ટ પર ચોરાઈ ગઈ, તો પૂછવાનું એ કે આમાં જવાબદાર કોણ ? હવે ફહદને આ રકમ આપવી પડે ? ઝેદની જકાત અદા થાય નહીં તો એ રકમ હવે કોણે આપવી પડે ?

જવાબ : حامدا مصليا ومسلما ઝકાતના અદા થવા માટે જરૂરી છે કે ઝકાતની રકમનો જે તે ઝકાતના હકદારને માલિક બનાવવામાં આવે, સદર સૂરતમાં ઝકાતની રકમ ગુમ થઈ જતા, હકદાર સુધી પહોંચી નથી, માટે ઝેદની ઝકાત અદા થશે નહીં, જેથી ફરીવાર ઝકાત આપવી જરૂરી છે. (દૂર્રે–શામી : ૨ / ૧૩,૨) અને ફરીવાર ઝેદ જ અદા કરશે, ઝકાત એના ઉપર ફર્ઝ છે, રહી વાત એ કે સદર ચોરી થયેલ રકમનો ઝમાન – વળતર ફહદ પર આવશે યા નહી ? તો જો ફહદથી એની હિફાઝતમાં કોતાહી થઈ હોય તો ફહદના શિરે ઝમાન લાગુ થતા, તેટલી રકમ ઝેદને પરત કરવાની રહેશે અને જો ફહદ તરફથી મઝકૂર રકમની હિફાઝતમાં કોઈ કોતાહી કરવામાં ન આવી હોય તો આવી સૂરતમાં ફહદની કોઈ જવાબદારી રહેશે નહી; કારણ કે આમાં શરઈ દ્રષ્ટિએ ફહદની હેસીયત વકીલ અને રસૂલ (કાસિદ) ની છે, તેમને સુપુર્દ કરવામાં આવેલ રકમ તેઓના કબ્જામાં અમાનત રૂપે ગણાય છે, અને આ રીતના માલ તેઓના કબ્જામાં તેઓની કોતાહી વિના આકસ્મિક રીતે બરબાદ થઈ જાય, તો તેનો ઝમાન – બદલો તેઓ પર લાઝિમ થતો નથી, ફહદે જયારે હિફાઝતમાં કોઈ કચાસ કરી નથી, તો એની જવાબદારી એના ઉપર આવશે નહીં. (શર્હુલ મજલ્લહઃ ૨/ ૭૮૪,૭૮૫, ફ. મહમૂદીય્યહ : ૯/ ૫૧૩ ઉપરથી) ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

(તા. ૬ સફર ૧૪૩૨ હિજરી – ૧૧/ ૧ / ૨૦૧૧ ઈસ્વી)

બોધકથા..

બાદશાહના દરબારમાં એક ચાલાક વઝીર હતો. એની હોશિયારીના કારણે ઘણા દરબારીઓ એનાથી નારાજ હતા. દરબારીઓ કોઈ પણ રીતે એને મારી નાખવા ચાહતા હતા. એકવાર મોકો મળ્યો તો બાદશાહ સમક્ષ એવી શિકાયત કરી કે બાદશાહે વઝીરને ફાંસીએ ચડાવી દેવાની સજા ફરમાવી દીધી.

આ સ્થિતિ જોઈને વઝીરની માતા રાજાના દરબારમાં ક્ષમાયાચના લઈને પહોંચ્યાં. પોતાના જ એક જૂના, વફાદાર અને હોશિયાર વઝીર માટે ૧૦૦ વરસની વૃદ્ધ સ્ત્રીને માફી માંગતા જોઈને બાદશાહને થોડી દયા આવી ગઈ. બાદશાહે ફાંસીનો હુકમ રદબાતલ કરીને એક દરબારીને આદેશ કર્યો કે એક કાગળ ઉપર 'ફાંસી' લખો અને બીજા ઉપર 'માફી' લખીને લાવો.

પછી વૃદ્ધાને હુકમ કર્યો કે તમારા પુત્રને બોલાવી લાવો, અને કહો કે બેમાંથી એક કાગળ પસંદ કર, જો તે નિર્દોષ હશે તો માફીની ચિઠ્ઠી એના હાથમાં આવશે. વૃદ્ધા જાણતી હતી કે દુશ્મન દરબારીએ બન્ને ચિઠ્ઠીઓમાં 'ફાંસી' જ લખ્યું હશે, એટલે ઘણી જ માયૂસ થઈ ગઈ. અલબત્ત હોશિયાર વઝીરે એને શાંત્વના આપતાં કહયું કે, આટલું બસ છે, આગળની વાત મારા ઉપર છોડી દયો.

નક્કી સમયે દરબાર ભરાયો અને વઝીરને બેમાંથી એક ચિઠ્ઠી ઉઠાવવાનું કહેવામાં આવ્યું. વઝીરે એક ચિઠ્ઠી ઉઠાવી અને જોયા – વાંચ્યા વગર મોઢામાં મૂકીને ગળી ગયો.

બાદશાહ ગુસ્સે થયો કે હવે કેવી રીતે ખબર પડશે કે એમાં શું લખ્યું હતું ?

વઝીરે કહયું કે બીજી ચિઠ્ઠી જોઈ લ્યો, એમાં જે હશે, એનાથી ઉલટું મારી ચિઠ્ઠીમાં હશે, એ નક્કી છે. બાદશાહે બીજી ચિઠ્ઠી મંગાવીને જોયી તો એમાં 'ફાંસી' લખ્યું હતું. બાદશાહે જાહેર કર્યું કે વઝીરે 'માફી'ની ચિઠ્ઠી ઉઠાવી હતી એટલે એને માફ કરવામાં આવે છે.

વાર્તાનો સાર એ છે કે ઘણીવાર સમસ્યા અને પરેશાનીનો હલ ઘણો જ સરળ અને હાથવગો જ હોય છે. અલબત્ત એના માટે માણસે શાંતચિત્તે વિચારવાની જરૂરત હોય છે. જો શાંત ચિત્તે વિચારીને સમસ્યાનો હલ શોધવામાં આવે તો પરેશાનીઓ અને વિરોધીઓના બધા કાવા–દાવા અને પ્રપંચોને પણ સરળતાથી નિષ્ફળ કરી શકાય છે.

–.–.–.–.–.–.–

# Sunnat and Bid'aat

In Islamic terminology, Sunnah and Bid'ah are antonyms...Bid'ah means adding or changing articles of faith or religious practices.

Bid'ah is like fake currency that tries to drive out the good currency. By design it has the appearance of a virtuous religious act. But it lies outside the Shariah. So do its sources, which, in a great number of cases can be traced to non-Islamic influence from surrounding communities with which Muslim communities historically came into contact. Hence the telltale signs that set it apart from Sunnah. First, bid'ahs normally vary from region to region --- and over time --- revealing their local, non-Islamic source. This is unlike the genuine religious practices that maintain the same form everywhere. No matter where he comes from, a follower of, say, Hanafi Fiqh, will be offering salat in exactly the same way, right down to the minutest detail - like when to raise the index finger. In contrast, the bid'ah practices surrounding, marriage or death in the Indo-Pak subcontinent vary from those in Arabia or Africa.

Second, the bid'ah practices are largely transmitted through oral tradition. Many of these have a pseudo-legal, ritualistic framework of their own, but one would be hard pressed to find it in the standard legal texts! Rather it lives in the folklore. Example: consider the practice of shaking hands after finishing the salat. Open the chapter on salat in your fiqh book. It lists all the steps, in great detail, involved in offering salat. Does it mention the handshake as well? No. The handshake comes from folklore, not from an authentic text, a clue

that it may be a bid'ah, which it is. Similarly consider the rituals normally performed upon the death of a person. Again the fiqh books describe in great detail how the funeral and burial should be done. But do they also mention that on the third day (or the tenth or the fortieth), a gathering should be arranged where participants should recite the Qur'an for the benefit of the deceased and after which they should be served with dinner? Again the answer is no. Again the reason is that all of these common practices are not part of the Shariah. They are an addition or bid'ah.

Bid'ah is like fake currency that tries to drive out the good currency. By design it has the appearance of a virtuous religious act. But it lies outside the Shariah.

One factor that helps the propagation of bid'ahs is the attitude that treats religion as hobby rather than as the serious business of submitting to the command of Allah A. Pure submission may be "boring." It demands sacrifice. Bid'ahs are fun. On top of that they "promise" reward in the Hereafter. This makes the bid'ah more deadly than ordinary sins. From an act we know to be a sin, we can repent. But how can one repent from a wrong that he considers to be right?

But in reality bid'ahs are a tremendous burden. Islamic teachings are simple and easy and life would be much simpler if all bid'ahs were removed from it. When a person dies, Islam teaches that others should be providing food to the bereaved family. Bid'ah requires the exact opposite, that the bereaved should feed all the visitors?a widespread practice in the Muslim communities in Asia. Other bid'ahs are also like that. A burden. And the burden in the Hereafter will be much bigger, for "every bid'ah is in the Fire." ■ ■ ■

## ખુશામત અને ટીકા

ખુશ થવા માટે વખાણ અને ખુશામત સાંભળો, અને સારા – શ્રેષ્ઠ બનવા માટે ટીકાઓ અને ખામીઓ સાંભળવાની આદત પાડો.

## માણસ અને માણસાઈ

માણસો તો દરેક ઘરમાં જન્મે છે, પણ માણસાઈ ઘરમાં જન્મતી નથી, એને શીખવી – શીખવાડવી પડે છે.

## એક કહાની

માં – બાપ સાથેનું વર્તન, એક એવી કહાની છે, જેને માણસ લખે છે અને પછી એની અવલાદ એને લખી સંભળાવે છે.

## ઊંચા અને ઘટાદાર ઝાડો

ઊંચા ઝાડોનો છાંયડો ઓછો હોય છે, માટે ઊંચા બનવા કરતાં મોટા અને ઘટાદાર બનો, ઘટાદાર વૃક્ષની છાંવ અનેક લોકોને આરામ આપે છે.

## અલ્લાહનું ઇનામ

ગુનો કરવાની તક ન મળવી પણ અલ્લાહ તઆલાનું મોટું ઈનામ છે, એનો અફસોસ ન કરો, બલકે અલ્લાહનો શુક્ર અદા કરો.

## દોસ્તી ન કરો

કંજૂસની દોસ્તી ન કરો, પોતાના થોડાક નફા ખાતર તમારું મોટું નુકસાન કરશે. ડરપોક સાથે દોસ્તી ન રાખો. મુસીબતમાં તમને એકલો છોડી દેશે. કમીના માણસ ઉપર વિશ્વાસ ન કરો. એક પૈસા ખાતર તમારો સોદો કરી લેશે. બેવકૂફને દોસ્ત ન બનાવો, ફાયદો કરવા ચાહશે તો પણ તમને નુકસાન થશે.

## માફીનો મતલબ

કોઈની સામે માફી માંગવાનો મતલબ એ નથી કે માફી માંગનાર જ ખોટો છે, બલકે ઘણીવાર માફી માંગનાર માણસ નમ્રતા દાખવીને સંબંધો સાચવવા ખાતર માફી માગી લે છે.

## ત્રણ વસ્તુઓ

છેલ્લા ઝમાનામાં ત્રણ વસ્તુઓ ઘણી ઓછી થઈ જશે. અલ્લાહ ખાતર મહોબ્બત રાખનાર દીની ભાઈ જેનાથી માણસ દોસ્તી કરી શકે. હલાલ કમાણીનો એક દિરહમ અને બાદશાહ સામે સાચી વાત કહેવી.

## બન્ને સરખા

બાદશાહ ઈન્સાફ ન કરતો હોય તો બાદશાહ અને ચોર સરખા છે. આલિમ પરહેઝગાર ન હોય તો આલિમ અને વરૂ બરાબર છે. જે માણસ અલ્લાહ તઆલા સિવાય કોઈ બીજાની સામે ઝૂકતો હોય તો આવો માણસ અને કુતરો સરખા છે.

## વાણી અને વર્તન

લોકોએ એમની વાણી ઘણી સુધારી લીધી છે, હવે એમાં કોઈ ભૂલ નથી કરતાં, પણ આમાલ એવા ખરાબ કરી લીધા છે કે એમાં કોઈ સાચો અમલ છે જ નહીં.